



**INDEX** **Yusuf-e-Zehra**

# નસીહત

- દરરોજ નમાઝે સુબ્હ પછી દુઆએ અહદ પઢીએ.
- રિઝકમાં વધારો થાય તે માટે સુ.આલે ઈમરાન આયત નં.૨૬ અને ૨૭ દરેક નમાઝ પછી ૭ વખત પઢે
- રિઝક માં વધારો થાય, મુશ્કેલીમાંથી છુટકારો મળે હાજત માટે, સુ.તલાક (૬૫)ની આયત નં.૨ અને ૩ સાત વખત પઢે. ''વ મય્ યત્તકીલ્લાહ'' થી શરૂ કરીને કદરા સુધી ૭ વખત પઢે.
- જુમ્આનાં દિવસે દુઆએ નુદબાહ અને શબે જુમ્આ દુઆએ કુમૈલ પઢે.
- સુ.કુરૈશની તિલાવત કરનારને ખાનએ કાબાનો તવાફ અને ખાનએ કાબામાં એઅતેકાફ કરવાનો સવાબ મળશે.
- રાત્રે વુઝુ કરીને સુવે તો પુરી રાત ઈબાદત કરવાનો સવાબ મળશે.
- ઝિયારતે આલે યાસીન પઢીને ઇ.ઝમાના અ.સ.ને સલામ કરીએ.
- રિઝકમાં વધારા માટે સુ.આલે ઈમરાન આ.૩૭ પઢે.
- રિઝકમાં વધારો થાય તે માટે બે રકાત નમાઝ. પહેલી રકાતમાં સુ.હમ્દ પછી ૩ વખત સુ.કવ્સર. બીજી રકાતમાં સુ.હમ્દ બાદ ૩ વખત સુ.ફલક અને ૩ વખત સુ.નાસ પઢે.
- રાત્રે ૩ વખત સુ.અહદ પઢીને સુવુ પુરૂ કુરઆન પઢવાનો સવાબ મળે છે, રાત્રે સૂતી વખતે સુ.અહદ પઢનારની ૫૦,૦૦૦ ફરિશ્તા હિફાઝત કરશે.
- દરરોજ ઝિયારતે આશુરા પઢે.
- જે નમાઝ અસ્ર પછી ૭૦ વખત અસ્તગફેરૂલ્લાહ કહે તો અલ્લાહ તેનાં ૭૦ વર્ષનાં ગુનાહને માફ કરી દેશે.



# શબે આશુર
# જનાબે અલી અસ્ગર (અ.સ.)ના
# મખ્સુસ મસાએબ

### બીસ્મીલ્લાહીર રહમાનીર રહીમ ઈન્ના લીલ્લાહે
### વ ઈન્ના એલયહે રાજેઉન

આજે શબે આશુર છે. આજે ઈમામ હુસેન અ.સ.ના નાસીરો મદદગાર છ મહિનાનાં અલી અસ્ગર અ.સ.ના મસાએબનો ઝિક્ર કરવામાં આવે છે, જે રીતે મૌલા અબ્બાસ બાબુલ હવાએજ છે. તે રીતે આ જ.અલી અસ્ગર અ.સ. પણ બાબુલ હવાએજ છે. યા અલ્લાહ બાબુલ હવાએજના વાસ્તાથી અમને ખુલુસતાથી ઈમામ હુસૈન (અ.સ.)ની અઝાદારી કરવાની તૌફિક ઈનાયત ફરમા.

જ.અલી અસ્ગર એટલા પ્યાસા હતા કે જે રીતે માછલી પાણીની બહાર હોય ત્યારે તડપે છે. પોતાનું મો ખોલે છે અને બંધ કરે છે. જ.ઉમ્મે કુલ્સુમ ભુખ્યા અને પ્યાસા અલી અસ્ગર (અ.સ.)ને ગોદમા લઈને ઈમામ હુસૈન (અ.સ.) પાસે આવે છે. ભય્યા! દુશ્મનોને કદાચ રહેમ આવી જાય અને બાળકને બે ઘૂંટ પાણી પીવરાવી દે.

ઈમામ હુસૈન (અ.સ.) અલી અસ્ગર (અ.સ.) ને લઈને મૈદાને કરબલામાં આવ્યાં. અગર તમે મારા પર રહેમ નથી કરી શકતા તો ન કરો પરંતુ આ બચ્ચા ઉપર રહેમ કરી દયો. તેનું માઁનું દૂધ સુકાઇ ગયુ છે. કોઈ જવાબ ન મળ્યો અગર તમે એમ સમજતા હો કે આ બાળકના બહાને હું પાણી પી લઈશ, તો આવો તમે તમારા હાથથી આ બાળકને પાણી પીવરાવી દયો. જવાબ ન મળ્યો તો કહ્યુ. અય બેટા તમે હુજજતે ખુદાનાં ફરઝંદ છો હુજજત તમામ કરી દયો. અલી અસ્ગરે પોતાની સુકી ઝબાન સૂકાએલા હોઠો પર ફેરવવાનું શરૂ કર્યું. દુશ્મનો પણ જોઈ ન શકયા. પીઠ ફેરવીને લશ્કર રડવા લાગ્યુ.

ઉમરે સઅદે આ જોયુ તો ગભરાઈ ગયો અને કહેવા લાગ્યો. અય્ન અય્ન હુરમલા હુસૈનના કલામને કાપી નાખ. હુરમલાએ ત્રણ ભાલા વાળું તીર છોડયુ. તીરે અલી અસ્ગરના ગળાને ઝબહ કરી દીધુ. અસ્ગર બાબાની આગોશમાં શહીદ થઈ ગયા.

શામે ગરીબના જયારે સરોની ગણતરી કરવામાં આવી તો એક સર ઓછું થયુ. કોઈએ કહયું કે હુસૈને તેના છ મહીનાને બાળક અસ્ગરને ખૈમાની પાછળ દફન કરી દીધુ. ભાલા લઈને લશ્કર જમીનમાં નેઝા મારી રહયુ હતુ. એક નરમ જમીનમાં અલી અસ્ગરનું જીસ્મ નેઝા સાથે બહાર આવ્યુ. સરને કલમ કરી લેવામાં આવ્યુ. હાય! અલી અસ્ગરની માઁ રૂબાબે જયારે આ જાણ્યુ હશે તો શું વીતી હશે. અલા લઅનતુલ્લાહે અલલ્ કવ્મીઝ ઝાલેમીન. (મૌલાના વસી હસન ખાન સાહેબની મજલીસ માંથી.)



# વકફ

મ.નુરમોહમ્મદ ભાણજીભાઈ સુંદરાણી
મ.જેનાબેન બીન્તે કલ્યાણભાઈ
મ.મોહમ્મદઅલી નુરમોહમ્મદ સુંદરાણી
મ.ફિદાહુસેન નુરમોહમ્મદ સુંદરાણી
મ.રૂકૈયાબાનુ બીન્તે મોહમ્મદઅલી
મ.અલીહુસેન ફીદાહુસેન સુંદરાણી
મ.બહાદુરઅલી નુરમોહમ્મદ સુંદરાણી
મ.વજીરઅલી નુરમોહમ્મદ સુંદરાણી
મ.શબ્બીરઅલી નુરમોહમ્મદ સુંદરાણી
**તથા સુંદરાણી પરિવારના તમામ મરહુમીન**
મ.ડો.સજ્જાદભાઈ ચારણીયા
મ.હુસેનઅલી શેરઅલી મરચન્ટ
મ.શેરઅલી વજીરઅલી મરચન્ટ
મ.રજાહુસેન વજીરઅલી મરચન્ટ
મ.ઝહેરાબેન છગનભાઈ
મ.અશરફબાનુ શેરઅલી મરચન્ટ
મ.ખૈરૂન્નીસાબેન શેરઅલી મરચન્ટ
**તથા મરચન્ટ પરિવારના તમામ મરહુમીન**
મ.આશીકહુસેન ગુલામહુસેન લાખાણી
મ.રજબઅલી કાળાભાઈ અલવાણી
મ.અસ્કરઅલી વજીરઅલી નાચાણી
મ.મોહમ્મદજાફર અબ્દુલઅલી નુરાની
મ.જેનાબેન બીન્તે જાફરઅલી મરચન્ટ
મ.અકબરઅલી હુસૈનઅલી મેઘાણી
મ.ઝેહરાબેન બીન્તે અબ્બાસઅલી ગભરાણી
મ.શેહનાઝબાનુ બીન્તે મોહમ્મદજાફર નુરાની
**તથા તમામ મરહુમીનના રૂહના સવાબમા વકફ**

---

યુસુફે ઝહરા (અ.સ.) ભાગ – ૧ થી ૧૮
PDF Download માટે
www.yusufezehra.com ની મુલાકાત લ્યો.

# યુસુફે ઝહરા

## ઈમામ મહદી (અ.સ.)ની ખિદમતમાં
## મજાલિસે ઈમામ હુસૈન (અ.સ.)

## ભાગ : ૧૮

આ મજલીસની કિતાબનો સવાબ ખાતુને
જન્નત માદરે હસનૈન જ.ફાતેમા ઝહરા
(સ.અ.)ની ખિદમતમાં હદીયો કરીએ તેમજ
૧૪ મઅસુમીન (અ.મુ.સ.) અને શોહદાએ
કરબલાની ખિદમતમાં હદીયો કરીએ છીએ તેમજ
તમામ મરહુમ મોહીબ્બાને
એહલેબૈત અ.મુ.સ.ની અરવાહને આ
મજલીસોનો સવાબ પહોંચે.

INDEX Yusuf-e-Zehra

# હદિયો : વકફ

સંકલન અને પ્રકાશક :–
યુસુફે ઝહરા (અ.સ.) પબ્લીકેશન
૧૦૧/૭, કાઝમૈન સોસાયટી, અમરીન
પેલેસની સામે,
ઉમણીયાવદરની નળ, મહુવા.
મો.૭૫૬૭૩૮૨૨૨૦
www.yusufezehra.com
ની મુલાકાત લ્યો.

ડીઝાઈન, ટાઈપીંગ :–
મેટ્રો કોમ્પ્યુટર, ગાધકડા બજાર, મહુવા
મો:–૯૮૨૪૫૦૪૧૦૦

# અનુક્રમણિકા


| |
|---|
| ૧. મજલીસે અઝાની બરકતથી ગુનેહગારની હિદાયત અને નજાત તથા જ.ફાતેમા ઝહરા સ.અ.ના મસાએબ. |
| ૨. ઈમામ રેઝા અ.સ.ની બારગાહમાં તવસ્સુલ અને બિમારને શિફા તથા જ.ઝહરા સ.અ.ના મસાએબ. |
| ૩. ઈમામ રેઝા અ.સ. ની બારગાહમાં જ.ઝહરા સ.અ. થી તવસ્સુલ અને ગુનેહગારની નજાત. |
| ૪. જ.ફાતેમા ઝહરા સ.અ.ના વસીલાથી હાજત પુરી થવાનો અમલ અને મસાએબ |
| ૫. ઈમામ હુસૈન (અ.સ.)ના નામ પર આસુંનું વહેવુ અને નજાત |
| ૬. જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) થી તવસ્સુલ |
| ૭. મજલીસે અઝાની મન્નત અને બીમારીથી શીફા અને જ.કાસીમ (અ.સ.) ના મસાએબ. |
| ૮. મૌલા અબ્બાસ (અ.સ.) ની હાજરીનો મોઅજીઝો અને હઝરત અબ્બાસ અ.સ.ના મસાએબ. |
| ૯. ગુનેહગારની તૌબા અને નજાત |
| ૧૦. જનાબે અલી અસ્ગર (અ.સ.) થી તવસ્સુલ અને શીફા અને રોઝે આશુરના મખ્સુસ મસાએબ |
| ૧૧. એક યહુદી અંધ દિકરીને શિફા અને કૈદખાનાનાં મસાએબ |

# ૧૨. ઈમામ હુસૈન (અ.સ.)ના દસમાના મસાએબ

INDEX

Yusuf-e-Zehra

# મજલીસની શરૂઆતમાં પઢવાનો ખુત્બા

લા હવ્લ વલા કુવ્વત ઈલ્લા બિલ્લાહીલ અલીય્યીલ અઝીમ.

અઉઝો બિલ્લાહે મેનશ્શયતાનીર રજીમ.

બીસ્મીલ્લાહીર રહમાનીર રહીમ. અલહમ્દો લિલ્લાહે રબ્બીલ આલમીન વલ આકેબતો લે અહલીત્તકવા વલ યકીન. અસ્સલાતો વસ્સલ્લામો અલા અશરફીલ અંબીયાએ વલ મુરસલીન. હબીબે એલાહીલ આલમીન, અબીલ કાસીમે મોહમ્મદ.(સલવાત)

સલ્લલાહો અલા એહલેબય્તેહીત્તય્યેબીન ત્તાહેરીનલ મઅસુમીન વ લઅનતુલ્લાહે અલા આઅદાએહીમ અજમઈન.

અલ્લાહુમ્મ સલ્લે અલા ફાતેમત વ અબીહા વ બઅલેહા વ બનીહા વ સીર્રીલ મુસ્તવદએ ફીહા બે અદદે મા અહાત બેહી ઈલ્મોક (સલવાત)

# મજલીસ – ૧

મજલીસે અઝાની બરકતથી ગુનેહગારની હિદાયત અને નજાત તથા જ.ફાતેમા ઝહરા સ.અ.ના મસાએબ.

બીસ્મીલ્લાહીર રહમાનીર રહીમ. કાલલ્લાહો તબારક વ તઆલા

‘‘યા અય્યોહલ્લઝીન આમનુ ઈત્તકુલ્લાહ વબ્તગુ એલય્હીલ્ વસીલાહ’’ (સુ.માએદાહ આયત-૩૫) સલવાત

તમામ તારીફ અને હમ્દો સના એ મહાન પરવરદિગાર અલ્લાહ તબારક વ તઆલા માટે કે જેણે આપણને તૌફિક આપી કે આપણે મજલીસે ઇ.હુસૈન અ.સ. બરપા કરીએ અને ઝિક્રે એહલેબૈત કરીએ.આપણી આ તૌફીકાતમાં વધારો થાય તે માટે એક આવાઝે બુલંદ સલવાત પઢીએ. (સલવાત)

અલ્લાહ તબારક વ તઆલા કુર્આને મજીદમાં સુ.માએદાહ આયત નં.૩૫ માં ઈરશાદ ફરમાવે છે.

‘‘અય ઈમાન લાવનારાઓ અલ્લાહથી ડરો અને વસીલાની તલાશ કરો’’

ઈમાન લાવનાર (મોઅમીન) ને અલ્લાહ કહી રહયો છે,અલ્લાહથી ડરો અને વસીલાની તલાશ કરો. દુનિયાનાં રોજીંદા કાર્યો આપણે વસીલા થકીજ કરીએ છીએ. દા.ત. એક માણસ ખૂબ જ તરસ્યો છે. પાણીની તલાશમાં ભટકી રહયો છે. અચાનક તેણે કુવો જોયો પરંતુ કુવામાં પાણી ઉંડુ છે. કેવી રીતે પ્યાસ બુજાવે ? આજુબાજુ તપાસ કરી એક ડોલ અને દોરી મળી ગઇ. ડોલ અને દોરીની મદદથી કુવામાંથી પાણી ભર્યુ અને તેણે પોતાની પ્યાસ બુજાવી.

વસીલા થકી ઈન્સાન અલ્લાહથી કુરબત હાંસીલ કરી શકે છે. આપણે દુઆએ તવસ્સુલમાં ૧૪ મઅસુમીનને વસીલો બનાવીને કહીએ છીએ કે યા વજીહ્ન ઈન્દલ્લાહ ઈશફઅ્ લના ઈન્દ્લ્લાહ. એહલેબૈત અ.મુ.સ. વજીહ છે. એટલે કે અલ્લાહથી સૌથી નઝદીક એટલે જ આપણે દુઆએ તવસ્સુલમાં

કહીએ છીએ કે તમે અલ્લાહની સૌથી નઝદીક છો, અલ્લાહ પાસે અમારી શફાઅત કરાવજો.

રસુલે ખુદા સ.અ.વ. ફરમાવે છે. "ઈન્નલ હુસૈન મીસ્બાહુલ હોદા વ સફીનતુન્ નજાત." બેશક ઇ.હુસૈન (અ.સ.) હિદાયતનો ચિરાગ અને નજાતની કશ્તી છે. એટલુ જ નહી બલ્કે જે જે ચીજ ઇ.હુસૈન (અ.સ.) થી મન્સુબ છે. દા.ત. અઝાદારી, માતમે હુસૈન, મજલીસે અઝા, ખાકે શિફા, ઇમામ અ.ના ગમમાં રડવુ, ઝિયારત, આ તમામ બાબતો ઇન્સાન માટે હિદાયત અને નજાતનો ઝરીઓ છે. વસીલો છે.

આવો આપણે એક વાકેઓ સાંભળીએ કે કેવી રીતે એક ગુનેહગાર અને ખતાકાર ઇન્સાને હિદાયત પણ મેળવી અને નજાત પણ મેળવી. અલીએ ગંદાબએ શખ્સ હતો કે જે મરહુમે મિર્ઝાએ શીરાઝી (મહાન મુજતહીદ)ની પાછળ નમાઝ પઢતો હતો અને મરહુમ શીરાઝીએ તેને પોતાના હાથોથી કબ્રમાં દફન કર્યો હતો, કરબલામાં ઇ.હુસૈન (અ.સ.)નાં હરમની પાસે અલીએ ગંદાબને દફન કરવામાં આવ્યો. આ એ

જ માણસ હતો કે જે પોતાની જીંદગીમાં નિહાયત બદમાશ શરાબી હતો, લોકોને લુંટતો હતો. પરંતુ તેનામાં એક સારી સીફત એ હતી કે તે કોઇ ગરીબ અને કમઝોરને કયારેય દબાવતો નહી, કોઇ ગરીબ પર ઝુલ્મ ન કરતો. તેના જીવનમાં ઇન્કેલાબ કેવી રીતે આવ્યો? કેવી રીતે નેક ઇન્સાન બની ગયો ?

પહેલાના ઝમાનામાં શહેરમાં દરવાજાઓ હતા. મોડી રાત્રે દરવાજા બંધ કરી દેવામાં આવતા. એક દિવસ અલીએ ગંદાબ તેના મિત્રો સાથ શરાબ પીઇને અડધી રાત્રે શહેરનો દરવાજો બંધ કરીને અંદર બેઠો હતો. તેવામાં એક ઝાકીર બાજુનાં ગામમાં મજલીસ પઢવા ગયા હતા. રાત્રે મોડું થઇ ગયું, જયારે શહેરમાં પાછા ફર્યા તો દરવાજો બંધ થઇ ગયો. તે ઝાકીરે હુસૈન એ દરવાજો ખટખટાવ્યો. દરવાજાની પાછળ અંદર અલીએ ગંદાબ અને તેના મિત્રો શરાબનાં નશામાં બેઠા હતા. જેવો દરવાજો ખખડયો, તેણે કહ્યુ કોણ? તે ઝાકીરે કહ્યુ હું ફલાણો. આ ગામનો ઝાકીર છુ. તેણે કહ્યુ કેમ મોડુ થયું? તે ઝાકીરે કહ્યુ હું બાજુનાં ગામમાં

મજલીસ પઢવા ગયો હતો. તને ખબર છ કે આજે મોહર્રમની પહેલી તારીખની રાત છે. હજુ સુધી તમે સુધર્યા નથો. તેણે કહ્યુ ચાલો આજે મારા માટે મજલીસ પઢો. તે ઝાકીરે કહ્યું ભાઇ મજલીસ માટે મીમ્બર જોવેને. તે સીજદાની હાલતમાં બેસી ગયો અને કહ્યું તમે મારી પીઠ પર બેસીને મજલીસ પઢો. તમારા માટે મીમ્બર થઇ ગયુ. જાન બચાવવાનાં ખૌફમાં તે ઝાકીર મજલીસ પઢવા તૈયાર થયા. તેણે કહ્યું મૌલા અલી અ.સ.નો વાસ્તો આજે તમો મૌલા અબ્બાસનાં મસાએબ પઢો.

ઝાકીરે મસાએબ પઢવાનું શરૂ કર્યુ, રડવાની અવાજ બુંલદ થઈ. ઝાકીર કહે છે મને લાગ્યુ કે જમીન ધ્રુજી રહી છે. મે જોયું તો તે જારો કતાર ધ્રુસકે ધ્રુસકે રડી રહયો છે અને કહી રહયો છે . મૌલા અબ્બાસ મારા ગુનાહને માફ કરાવી દયો. હું હવે ગુનાહોથો તૌબા કરૂ છું. મૌલા શું મારા ગુનાહ માફ થઈ જશે ? મજલીસ પુરી ગઈ, તેણે ઝાકીરનાં હાથ પકડી લીધા અને પુછયુ શું મૌલા હુસૈન મારા ગુનાહોને માફ કરી દેશે ? તે ઝાકીરે

કહ્યુ કે અગર તું દિલથી ગુનાહોથી તૌબા કરે તો મૌલા હુસૈન જરૂર માફ કરી દેશે. જરૂર મૌલા અબુલ ફઝલીલ અબ્બાસ પણ તને માફ કરી દેશે. તે ઈરાનનાં કાશાન શહેરનો રહેવાસી હતો. ઘરે આવ્યો અને તેણે તેની પત્નીને કહ્યુ કે હું કરબલા જાવ છું મૌલા હુસૈન જ મારા ગુનાહોને  માફ કરાવી દેશે અને નેક ઈન્સાન બની જાય છે. આયતુલ્લાહ શીરાઝીની પાછળ નમાઝ પઢે છે. એક દિવસ બપોરે ઝોહરૈન બાદ સમાચાર મળે છે કે ફલાણા મોટા આલીમનો ઈન્તેકાલ થઈ ગયો છે. તે આલીમને દફન કરવા માટે ઈ.હુસૈન અ.સ.ના હરમની નઝદીક કબ્ર ખોદવામાં આવી. આયતુલ્લાહ શીરાઝીએ કહ્યુ નમાઝે ઈશા બાદ તે આલીમની નમાઝે જનાઝા પઢાવી દેશું, એવામાં મગરીબનાં સમયે સમાચાર આવે છે કે જે આલીમ દીનનો ઈન્તેકાલ થયો હતો, તે તો ફરી જીવંત થઈ ગયા. તેનુ બંધ હદય ચાલુ થઈ ગયું, જયારે અલીએ ગંદાબે આ સાંભળ્યુ તો અલ્લાહની બારગાહ માં સીજદામાં જઈ દુઆ કરવા લાગ્યો. યા અલ્લાહ કબ્ર ખોદાઈ ગઈ છે, તું મને મૌત આપી દે, જેથી મને

ઇ.હુસૈન અ.સ.નાં હરમની નઝદીક આ કબ્રમાં જગ્યા મળી જાય. અલ્લાહે તેની દુઆને કબુલ કરી લીધી. અલીએ ગંદાબનો ઇન્તેકાલ થઇ ગયો, જે કબ્ર આલીમ માટે ખોદવામાં આવી હતી ત્યાં અલીએ ગંદાબને દફન કરવામાં આવ્યા, કેટલો ખુશ નસીબ હતો, એ માણસ કે જેણે મૌલા હુસૈનની બારગાહમાં તૌબા કરી અને ઇ.હુસૈન અ.સ.ની હરમની બાજુમાં કબ્રમાં જગ્યા મેળવી.

આવો આપણે પણ મૌલા હુસૈનની બારગાહમાં આજે દુઆ કરીએ મૌલા અમે ગુનેહગાર છીએ. ન જાણે કેટલા ગુનાહ અમે કર્યા હશે? મૌલા અમે તમને ખુબ તકલીફો આપી છે. મૌલા અમે તૌબા કરીએ છીએ. મૌલા અમારી તૌબાને કબુલ કરો. આજે આપણે આપણી જીંદગીની તરફ નજર કરીએ તો જરૂર આપણે પણ મૌલા હુસૈનથી કરીબ થશું. ''ઇન્નલ હુસૈન મીસ્બાહુલ હોદા વ સફીનતુન નજાત... '' આ મજલીસે અઝા આપણા માટે નજાતનો ઝરીઓ બને

છે. તે એહલેબૈત કે જે નજાતનો ઝરીઓ છે, તેનાં ઉપર કેવા કેવા ઝુલ્મો કરવામાં આવ્યા?

વફાતે રસુલ બાદ શહેઝાદી પર કેવા કેવા મસાએબ પડયા. ૧૮ વર્ષની જવાનીની ઉમ્રમાં શેહઝાદી વૃધ્ધ ઔરતની જેમ કમર પકડીને દિવાલનાં સહારે ચાલતા હતા. આગાએ અન્સારીયાન કે જેઓ તેહરાનમાં છે. તેઓ ફરમાવે છે કે એક દિવસ મે મજલીસ પઢી. મજલીસમાં જ.સૈયદા સ.અ.ની મઝલુમીય્યતને બયાન કરી. તમામ લોકોએ ગીર્યા કર્યું અને ગીર્યા કરીને ખામોશ થઈ ગયા, પરંતુ એક જવાન કે જે મુસલસલ ધ્રુસકે ધ્રુસકે રડી રહયો હતો. હું મજલીસ પુરી કરીને બેસી ગયો. તે જવાનને મારી પાસે લાવ્યા, તે મને ગળે લાગીને જોર જોરથી રડવા લાગ્યો. મે પણ ગીર્યા કર્યુ થોડીવાર પછીમે પુછયું. તું આટલો બધુ શા માટે રડે છે ? તે જવાને કહ્યુ આગા, મૌલાના સાહેબ, હું હાડકાનો ડોકટર છું. હું જાણું છે કે જેની પાસંળીઓ તુટી જાય છે, તેના માટે ઉભા રહેવુ તો ખૂબ મુશ્કેલ છે પરંતુ શ્વાસ લેવુ તેનાથી વધારે મુશ્કીલ થઈ

જાય છે. જયારે તે શ્વાસ લે તો પાસંળીઓમાં દર્દ થાય છે. જ.ઝહરા સ.અ.એ મદીનામાં કેવી રીતે શ્વાસ લઇને દર્દને સહન કર્યુ હશે ? જ.સૈયદા સ.અ. કેવી રીતે સહન કર્યુ હશે. આટલુ જરૂર મળે છે કે સૈયદાની પાંસળીઓ તૂટી ગઇ. બેટા મોહસીન ભી માતાના પેટમાં શહીદ થઇ ગયા. ઝખ્મી ભી થયા પરંતુ અલી (અ.સ.)ને ન કહ્યુ. અલી (અ.સ.) કેવી રીતે સબ્ર કરશે. પરંતુ આ મળે છે, કે કોઇએ આવીને અલી (અ.સ.)ના ઘરનો દરવાજો ખખડાવ્યો અને કહ્યુ કે યા અલી તમે ઘરમાં છો, ત્યાં લોકો જ. ઝહરાની કબ્રને શોધી રહયા છ કે જેથી કબ્રને ખોદીને જ.ઝહરા સ.અ.ની મય્યતને બહાર કાઢે. અલી અ.સ.ને જલાલ આવી ગયો. મદીનાની ગલીઓમાં તલવાર લઇને બહાર આવી ગયા અને કહેવા લાગ્યા કે કોની હિંમત છે કે મારી ઝહરા (સ.અ.)ની કબ્રને ખોદે, અલી અ.સ. નો રૌબ અને જલાલને જોઇને લોકો પાછા ચાલ્યા ગયા. અય આકા, મૌલા આ મદીના છે. લોકોની હિંમત ન થઇ કે બહાર નીકળે પરંતુ હાય ! કરબલા ! માઁ ની

નજરોની સામે છ મહીના અલી અસ્ગરની કબ્રને ખોદવામાં આવી. નાનકડા અસ્ગરની લાશને બહાર કાઢવામાં આવી. સરને કાપીને નેજા ઉપર ચડાવવામાં આવ્યુ. માંની શું હાલત થઇ હશે કાશ! નજફ તરફ રૂખ કરીને કહ્યુ હશે મારા અસ્ગરની ખૈર ! (મૌલાના ઝકીનુરી સાહેબની મજલીસમાંથી).

અલા લઅનતુલ્લાહે અલલ કવમીઝ ઝાલેમીન.. યા અલ્લાહ તને શીકસ્તા પહેલુ બીબીનો વાસ્તો ઇ.ઝમાના અ.સ.ના ઝુહુરમાં જલ્દી કર. (આમીન).

# મજલીસ – ૨

ઈમામ રેઝા અ.સ.ની બારગાહમાં તવસ્સુલ અને બિમારને શિફા તથા જ.ઝહરા સ.અ.ના મસાએબ.

બીસ્મીલ્લાહીર રહમાનીર રહીમ.

‘‘કાલ રસુલુલ્લાહે સ.અ.વ. ફાતેમતો બઝ્અતમુ મીન્ની વ હેય કલ્બી વ રૂહી’’ (સલવાત)

તમામ તારીફ અને હમ્દો સના એ મહાન પરવરદિગાર અલ્લાહ તબારક વ તઆલા માટે કે જેણે આપણને તૌફિક આપી કે આપણે ઝિક્રે એહલબૈત અ.મુ.સ. કરીએ. આપણી આ તૌફીકાત બાકી રહે અને તેમાં વધારો થાય તે માટે એક આવાઝે બુલંદ સલવાત પઢીએ. (સલવાત)

રસુલે ખુદા સ.અ.વ. ફરમાવે છે : યા ફાતેમા (સ.અ.) જે કોઈ તમારા ઉપર સલવાત મોકલે છે તો અલ્લાહ તેને માફ કરી દેશે અને જન્નતમાં હું જયા પણ હોવ તેને મારી સાથ મેળવી દેશે. (સલવાત)

બીજી એક હદીસે મુબારેકામાં રસુલે ખુદા સ.અ.વ. જ.ઝહરા સ.અ.ના બારામાં ફરમાવે છે. જે

કોઈ જ.ઝહરા સ.અ.ને ઓળખે છે, તે ઓળખે છે અને જે નથો જાણતો તે જાણી લે, આ ફાતેમા બીન્તે મોહમ્મદ (સ.અ.વ.) છે. અને તે મારો ટુકડો છે, તે મારૂ દિલ છે, તે મારી રૂહ છે અને તે મારો પેહલુ છે. ફમન્ આ ઝાહા ફકદ્ આઝાની. જેણે તેમને ઈજા પહોંચાડી તેણે મને ઈજા પહોંચાડી, જેણે મને ઈજા પહોંચાડી તો જાણે તેણે અલ્લાહને ઈજા પહોંચાડી (સલવાત). જ.ઝહરા સ.અ.નાં દરવાજા ઉપર તવસ્સુલ અલ્લાહની બારગાહમાં પહોંચવાનો બેહતરીન વસીલો છે. શેહઝાદીનાં વસીલાથો કરેલા તવસ્સુલને અલ્લાહ કયારેલ રદ નથો કરતો, અગર કોઈ પણ મુશ્કેલી હોય કોઈ પણ હાજત હોય તો ૫૩૦ વખત આ રીતે સલવાત મોકલે.

"અલ્લાહુમ્મ સલ્લે અલા ફાતેમત વ અબીહા વ બઅલેહા વ બનીહા વ સીરરીલ મુસ્તવદએ ફીહા બે અદદે મા અહાત બેહી ઈલ્મોક" (૫૩૦ વખત આ રીતે સલવાતે ફાતેમા પઢે તો ઈ.અ. તેની હાજત પુરી થશે) આવો આપણે એક વાકેઓ જોઈએ.

મશદહે મુકદ્દસ નઝદિક એક ગામમાં એક કુટુંબ રહેતુ હતુ. તેનો એક નવ યુવાન દિકરો કે જેની ઉંમર ૧૬ યા ૧૭ વર્ષની હતી, તે ખુબ જ બિમાર પડી જાય છે. તેના મા-બાપે એક પછી એક ઘણા ડોકટરની દવા લીઘી પણ શિફા ન મળી. દિકરાની બિમારી વઘતી ગઇ, આખરે ડોકટરોએ પણ કહી દીઘું કે હવે અમારી પાસે કોઇ ઇલાજ નથી. બિમારી એટલી વઘી ગઇ કે તે કોઇના સહારા વગર  બીસ્તર પર બેસી પણ શકતો ન હતો. માં-બાપ દિકરાની આ હાલત પર જારો કતાર રડી રહયા હતા, હવે શું થશે? માતા માયુસ થઇ ગઇ કે હવે દિકરો બચશે નહીં.

તે યુવાનનાં પિતાએ તેની પત્નીને કહય : ભલે દુનિયાનાં બઘા દરવાજા બંઘ થઇ ગયા પરંતુ હજુ એક દરવાજો ખુલ્લો છે. મશહદે મુકદદસ તો નઝદિક છે. હું ઇમામ રેઝા અ.સ.ની બારગાહમાં જઇને ઇ.રેઝા અ.સ.થી તવસ્સુલ કરીશ અને આપણા દિકરાની શિફા માટે દુઆ કરીશ. ઇ.અ.જરૂર આપણો દિકરો સાજો થઇ જશ.

તે માણસ બસમાં બેસીને ઈમામ રેઝા અ.સ.ના હરમે મુબારક પહોંચે છે, સેહનમાંથી તેની નઝર ઈમામ અ.સ.નાં ગુંબજ ઉપર પડી. તે કહે છે કે મારા કદમો આગળ વધતા અટકી ગયા. હું વિચારવા લાગ્યો કે કેવી રીતે હું ઈમામ અ.સ.ની બારગાહમાં જાવ જયારે કે મારાથી કેટલાય ગુનાહ થઈ ગયા છે ? આ ઝબાનથી કેટલા લોકોની ગીબત થઈ ગઈ હશે? હું કેવી રીતે આ આંખોથી ઈમામની ઝિયારત કરૂ કે જેનાથી મે હરામ કાર્યોને જોયા છે. હું મુંઝવણમાં હતો ત્યાં મારી નઝર એક આલીમે દીન પર પડી કે જેઓ ઈમામ રેઝા અ.સ.થી રાઝો  નિયાઝ કરી રહયા હતા. હું તે સૈયદ બુઝુર્ગવાર પાસે ગયો. તે આલીમે દીન સૈયદ મોહમ્મદ તબાતબાઈ હતા. મે તેમને કહ્યુ કે હુ એક હાજત લઈને આવ્યો છે, પરંતુ મારા કદમો આગળ વધતા નથી. તે આલીમે દીને કહ્યુ કે શું ઈમામ અ.સ. થી વધારે કોઈ દયાળુ છે? શું ઈમામ અ.સ. થી વધારે કોઈ કરીમ છે? શું ઈમામ અ.સ.થી વધારે કોઈ મોહબ્બત કરવા વાળુ છે?

મે તેમને મારૂ દર્દ દીલ બયાન કરી દીધુ, હું ગુનેહગાર શખ્સ ઈમામની મુકદ્દસ બારગાહમાં કેવી રીતે જાવ? તે આલીમે દીને કહ્યુ કે તમારા મોહલ્લામાં દવાખાનું છે ? મે કહ્યું હા. દવાખાને બિમાર લોકો જાય કે તંદુરસ્ત લોકો. મે કહ્યું બિમાર લોકો. તેમણે મને ઈમામ અ.સ.નાં હરમ તરફ ઈશારો કરીને કહ્યું કે તેમનાથી વધારે કોઈ શિફા આપનારૂ છે ? અગર તું સાચા દિલથી તૌબા કરી લે, તો તેઓ તારી તૌબાને કબુલ કરશે અને તારા ગુનાહને અલ્લાહથી માફ કરાવી દેશે. મારામાં હિંમત આવી. હું ઈમામ અ.ની બારગાહમાં રડી રડીને ગુનાહની માફી માંગીશ. મે તે આલીમ દીનનો શુક્રીયા અદા કર્યો અને કહ્યું કે તમે મારા પર આટલો એહસાન કર્યો છે, તો એક વધારે એહસાન કરી દયો, હું મારા દિકરાની બિમારીથી શિફા માટે ઈમામ અ.સ.ની બારગાહમાં કઈ રીતે તવસ્સુલ કરૂ કે જેથી મારા દિકરાને શિફા મળી જાય.

તેમણે મને કહ્યુ કે ઈ.રેઝા અ.સ.નાં હરમમાં જાવ અને તૌબા કરો, ઈમામની ઝિયારત પઢજો, પછી

આ જુમ્લા વડે ઈમામની બારગાહમાં તવસ્સુલ કરજો પછી તમારા ઘરે પાછા ફરજો.

પછી હ ઈમામ રેઝા અ.સ.નાં રોઝા-મુબારકમાં ગયો. રડી રડીને મારા ગુનાહોની તૌબા કરી. ઝિયારત પડયો, પછી તે આલીમે દીને મને જે રીતે તવસ્સુલ કરવાનું કહ્યુ હતું તે રીતે તવસ્સુલ કર્યું અને ઘર તરફ પાછો ફર્યો. રસ્તામાં મને વિચાર આવ્યો કે મારે હરમે મુબારક માં વધારે દુઆ કરવાની જરૂર હતી. મે ઉતાવળ કરી. બીજી બાજુ મને તે આલીમ દીનનાં એ જુમ્લા પર ભરોસો હતો કે મારા દિકરાને શિફા મળશે.

હું ઘરે પહોંચ્યો અને દરવાજો ખખડાવ્યો. મને હતુ કે મારી પત્ની દરવાજો ખોલશે. દરવાજો ખુલ્યો તો મે જોયુ કે મારા પુત્રએ દરવાજો ખોલ્યો. મને નવાઈ લાગી કે મારો પુત્ર  કે જે બિમારીના બિસ્તર પર બેસી પણ શકતો ન હતો. તેણે ઉભા થઈને દરવાજો ખોલ્યો, મે મારા દિકરાને ગળે લગાડયો અને અમે બાપ-દિકરો ખુબ રડયા. પછી મે મારા ફરઝંદને પુછ્યું કે તને કેવી રીતે શિફા મળી ? બાબા જાન ! હું બિમારીનાં બિસ્તર

પર હતો. હાલતે ખ્વાબમાં ખુદ ઇ.રેઝા અ.સ. મારી પાસે આવ્યા અને કહયું કે તારા પિતાએ મારી પાસે આવીને તવસ્સુલ કર્યુ એટલે હું તને શિફા આપવા આવ્યો છું, પરંતુ બેટા ! તારા પિતાએ તવસ્સુલ કરતી વખતે જે જુમ્લો કહયો તેનાથી મારૂ જીગર ટુકડે ટુકડા થઇ ગયું. બાબાજાન તમે ઇમામ અ.સ.ને શું કહયું હતુ?

બેટા મે તો આટલુ જ કહયું હતું કે "અય ફરઝંદે ઝહરા! આપને આપની દાદી જ.ઝહરા સ.અ.ની તુટેલી પાંસળીનો વાસ્તો! મારા દિકરાને શિફા આપો" ઇમામ અ.સ.એ જયારે પોતાની મઝલુમા દાદીનાં મસાએબ ભર્યા જુમ્લા સાંભળ્યા તો જીગર રૂકડે ટુકડા થઇ ગયુ. (રેફ. મૌલાના ઝકી નુરી સાહેબની મજલીસમાંથી)

એ શેહઝાદી, બિન્તે રસુલ કે જેમના પર ઝાલીમોએ કેવા કેવા ઝુલ્મ કર્યા ? રસુલે ખુદાની આંખ બંધ થઇ અને એહલેબૈત ઉપર ઝુલ્મ શરૂ થઇ ગયો. ઝાલીમો એ આપના ઘરના દરવાજાને સળગાવી દીધો. આપ દિવાલ અને દરવાજાની વચ્ચે પિસાઇ ગયા. તે દરવાજાની નીચે શેહઝાદી હતા, તેમના પરથી ઝાલીમો

પગ મુકીને પસાર થઇ ગયા. આપે એક ચીખ મારી કહ્યું ફીઝ્ઝા મારી ખબર લ્યો, મારો મોહસીન શહીદ થઇ ગયો. શેહઝાદી બેહોશ થઇ ગયા. જયારે હોશમાં આવ્યા તો પુછ્યુ, અબુલ હસન કયાં છે? જ.ફિઝ્ઝાએ કહ્યુ ઝાલીમો મૌલાને ગળામાં રસ્સી નાખીને જબરજસ્તી ખેંચીને લઇ ગયા છે. ફિઝ્ઝા મારી ચાદર આપો. આપે ચાદર ઓઢીને મસ્જીદે નબવી તરફ ગયા અને કહ્યુ અબુલ હસનને છોડી દયો, નહીંતર હું મારા વાળને ખુલ્લા કરી દઇશ. જ.ઝહરા સ.અ.નાં આ જુમ્લા જારી થયા કે મસ્જીદે નબવીની દિવાલો બુલંદ થઇ ગઇ. લોકો ડરી ગયા અને અબુલ હસનને છોડી દીધા.

પણ હાય! શામે ગરીબા ! ઝયનબો કુલસુમની ચાદરો છીનવી લેવામાં આવી અને આપના ફરઝંદ ઇમામ સજ્જાદ અ.સ.નાં ગળામાં તૌક અને ઝંઝીર પહેરાવવામાં આવ્યા અને આપની એહલેબૈતને શામ અને કુફાના બાઝારમાં બે રીદા અને અસીર બનાવીને ફેરવવામાં આવ્યા. જે વસ્તીમાંથી કાફેલો પસાર થતો

તો લોકો કાફલાવાળા પર પથ્થરો અને આગ ફેંકતા હતા. અલા લઅનતુલ્લાહે અલલ્ કવમીઝ ઝાલેમીન.

# મજલીસ – ૩

## ઈમામ રેઝા અ.સ. ની બારગાહમાં જ.ઝહરા સ.અ. થી તવસ્સુલ અને ગુનેહગારની નજાત.

બીસ્મીલ્લાહીર રહમાનીર રહીમ.

“કાલ અલીય્યુન અ.સ. ઈન્નમા સુમ્મેયત્ (ફાતેમત) લે અન્નલ્લાહ ફતમ મન અહબ્બહા અનીન્નારે” (સલવાત)

તમામ તારીફ અને હમ્દો સના એ મહાન પરવરદિગાર અલ્લાહ તબારક વ તઆલા માટે કે જેણે આપણને તૌફિક આપી કે આપણે ઝિક્ર એહલબેત અ.મુ.સ. કરીએ, મજલીસે હુસૈન કરીએ. (સલવાત)

જયાં એહલેબૈત (અ.મુ.સ.) નો ઝિક્ર થાય છે. તે જગ્યાએ ફર્શે અઝા પર રહેમતના ફરિશ્તાઓ નાઝીલ થાય છે. તે ઘર પર અલ્લાહની બરકતો અને રહેમતો નાઝીલ થાય છે.

મૌલાએ કાએનાત અમીરૂલ મોઅમેનીન અ.સ. ફરમાવે છે. ઈન્નમા સુમ્મયેત્ ફાતેમત લે અન્નલ્લાહ ફતમ મન અહબ્બહા અનીન્નારે. જનાબે ફાતેમાનું નામ

ફાતેમા (સ.અ.) એટલા માટે રાખવામાં આવ્યુ કે જે તેણીને મોહબ્બત કરશે તો અલ્લાહ તેને જહન્નમથી બચાવશે (બેહારૂલ અનવાર ભા.૪૨, પા.૧૫)

બીજી એક હદીસે મુબારેકામાં સાદીકે આલે મોહમ્મદ ઈમામ જઅફરે સાદિક અ.સ. રસુલે ખુદા (સ.અ.વ.) થી ફરમાવે છે.

રસુલે ખુદા (સ.અ.વ.) એ જીબ્રઈલને પુછયુ અય મારા દોસ્ત શા માટે ફાતેમા (સ.અ.)ને આસ્માનમાં મન્સુરા અને જમીનમાં ફાતેમા કહેવામાં આવે છે ? તેમણે જવાબ આપ્યો કે જમીનમાં ફાતેમા એટલે કહેવામાં આવે છે કારણ કે આપ પોતાના શીઆઓને જહન્નમની આગથી બચાવશે જયારે આપના દુશ્મનો આપની મોહબ્બતથી વંચિત રહેશે અને આસ્માનમાં મન્સુરા એટલા માટે કહેવામાં આવે છે કે કયામતનાં દિવસે આપ પોતાના ચાહવા વાળાની મદદ કરશે.

ઉપરોકત બંને હદીસ પરથી આપણને જાણવા મળે છે કે જ.ફાતેમા ઝહરા સ.અ. એ અઝીમ

શખ્સીય્યત છે જેઓ કયામતનાં દિવસે તેમના શીઆઓની મદદ કરશે. તેમની શફાઅત કરશે અને જહન્નમની આગથી તેમના શીઆઓને બચાવશે.

આવો આપણે એક વાકેઓ જોઇએ કે જેનાથી આપણને ખબર પડે કે જ.ઝહરા સ.અ.નાં વસીલાથી અગર દુઆ કરવામાં આવે તો અલ્લાહના અઝાબથી ગુનેહગારને નજાત મળે છે.

સૈયદ ફકીહે કિરમાની તેમની કિતાબ મનાકીબે એહલેબૈતમાં આ વાકેઓ લખે છે. ઇરાનનાં એક શહેર યઝદમાં બે ભાઇઓ રહેતા હતા. એક ખુબ જ નેક અને દીનદાર હતો, જયારે બીજો ભાઇ ફાસિક અને ગુનેહગાર હતો.

તે ઝમાનામાં ઝિયારતમાં જવા માટે લોકોનો કાફલો તૈયાર થતો. ઊંટો અથવા ઘોડા કે ખચ્ચર પર લોકો કાફલામાં ઝિયારત માટે જતા. યઝદમાંથી ઇ.રેઝા અ.સ.ની ઝિયારત માટે એક કાફલો તૈયાર થયો. તે ગુનેહગાર ભાઇ હતો, તેણે આવીને કહયુ કે મને પણ ઝિયારત માટે કાફલામાં સાથ લઇ જાવ. કાફલાનાં

લોકો અને તેના નેક ભાઈએ ના પાડી. કાફલા વાળાએ કહ્યું કે તુ અમને પરેશાન કરીશ. તેણે વાયદો કર્યો કે હું કોઈ ઝાએરને પરેશાન નહી કરૂ અને જબરજસ્તી કાફલામાં શામીલ થઈ ગયો. કાફલો ઝિયારત માટે મશ્હદ પહોંચવાની નઝદિક હતો કે તે ગુનેહગાર ભાઈની તબીયત ખરાબ થઈ અને તે મુત્યુ પામ્યો. તેના ભાઈ અને કાફલાવાળાઓએ ગુસ્લ કફન આપ્યુ, નમાઝે જનાઝા ભી પડાવી દીધી. પછી તેના નેક ભાઈએ કહ્યુ કે મશ્હદ નઝદીક છે એટલે મારા ભાઈનાં જનાઝાને ઈ.રેઝા અ.સ.નાં હરમે મુબારકનો તવાફ કરી મશ્હદમાં જ દફન કરીશું. કાફલો ઈ.રેઝા અ.સ.નાં હરમમાં પહોંચ્યો. ઈમામ રેઝા અ.નાં હરમમાં તવાફ કરી તેને મશ્હદ શહેરના કબ્રસ્તાનમાં દફન કરી દીધો.

અમુક દિવસ પછી તેના દીનદાર ભાઈએ તેના મુત્યુ પામેલા તે ગુનેહગાર ભાઈને સ્વપનમાં જોયો. તેના ભાઈને એમ હતું કે તે અઝાબમાં હશે આગમાં હશે પરંતુ તે શું જોવે છે ? જોવે છે કે તેનો ભાઈ જન્નતમાં છે અને બેહતરીન નેઅમતો મેળવી રહયો છે. તેના ભાઈએ

પુછયું કે ભાઈ! તું તો દુનિયામાં ગુનેહગાર હતો તો તું પછી બરઝખી જન્નતમાં કેવી રીતે?

તે ગુનેહગાર ભાઈએ કહ્યું કે હા ! હુ ગુનેહગાર હતો. મને મૌત આવ્યુ એટલે તરત જ જહન્નતની આગે મારા શરીરને ઘેરી લીધું. હું આગમાં સળગી રહયો હતો, ચીખો-પુકાર કરી રહયો હતો કે મને બચાવો પણ તમારા માંથો કોઈ મને સાંભળતું ન હતું. તમે મને ગુસ્લ આપવાની તૈયારી કરી, મને થયું કે તમે પાણી નાંખશો તો આગ બુઝાઈ જશે અને મને રાહત થઈ જશે. પરંતુ તમે મને ગુસ્લ માટે મારા શરીર પર પાણી નાખ્યું તો આગ વધારે ભડકી, પાણી આગમાં ફેરવાઈ ગયું આગ વધારે ભડકી. મે કહ્યું મને બચાવો. પણ કોઈએ સાંભળ્યુ નહીં. પછી તમે મને કફન પહેરાવ્યું તો તે કફન પણ આગનું થઈ ગયું. તમે તાબુત બનાવ્યુ તો તે પણ આગમાં ફેરવાઈ ગયું  ત્યાર પછી જયારે તમે મને ઈમામ રેઝા અ.સ.ના હરમમાં લઈ ગયા ત્યારે જયારે હરમમાં દાખલ થયા ત્યારે અઝાબ અટકી ગયો. તમે મને તવાફ કરાવવાનું શરૂ કર્યું. પહેલા તવાફમાં મે જોયું કે હરમે

મુબારકમાં ઝરીહ પાસે ઈ.રેઝા અ.સ. બેઠા છે. તેની પાસે એક બુર્ઝુગવાર ઉભા હતા. તેણે મને કહયું કે તારો અઝાબ તુ હરમમાં છો એટલે અટકી ગયો છે, જેવો તારો જનાઝો હરમે મુબારકની બહાર નીકળશે એટલે તરત જ અઝાબ શરૂ થઈ જશે. મે કહયું તો હું શું કરૂ ? તે બુઝુર્ગવાર કે જેઓ ખીઝર અ.સ. હતા, તેમણે કહયું કે તુ મૌલા રેઝા અ.સ.થી તારા ગુનાહની શફાઅત કરાવવાનું કહે, મે મૌલા રેઝા અ.સ.ન પોકાર્યા, પરંતુ તેમણે જવાબ ન આપ્યો કારણે કે મારા ગુનાહો એટલા બધા હતા કે ઈમામ અ.સ. એ મારા તરફ ન જોયું. છેલ્લો તવાફ હતો ત્યારે તે બુઝુર્ગવારે કહયું તું ઈમામ રેઝા અ.સ.થી તારી શફાઅત કરાવ નહીંતર પછી અઝાબમાં રહીશ. મે કહયુ કે હું મૌલા રેઝા અ.સ. ને બોલાવું છુ પરંતુ તેઓ મને જવાબ નથી આપતા. કેવી રીતે બોલાવુ? તે બુઝુર્ગવારે કહયુ કે મૌલા રેઝા અ.સ.ને તેમની દાદી જ.ફાતેમા ઝહરા (સ.અ.)થી ખુબ જ મોહબ્બત છે, તું તેનો વાસ્તો આપીને દુઆ કર.

મે ઈમામ રેઝા અ.સ.ને પોકાર્યા કે યા મૌલા રેઝા આપને આપની દાદી જનાબ ફાતેમા ઝહરાનો વાસ્તો, મારી શફાઅત કરાવો. જયારે ઈમામ અ.સ. એ સાંભળ્યું તો ઈમામ અ.સ. રડવા લાગ્યા અને મારી તરફ ફરીને કહ્યુ કે એ શખ્સ તું એવો ગુનેહગાર છે કે તું શફાઅતને કાબીલ નથો. પરંતુ તે મને મારી માઁ ફાતેમા ઝહરા સ.અ.નો વાસ્તો આપી દીધો. મૌલા રેઝા અ.સ.મારી તરફ જોયું આપની આંખોમાંથો આંસુ જારી હતા. આપે અલ્લાહની બારગાહમાં હાથ બુલંદ કર્યા અને કહ્યું, ‘‘અય ખુદા તને મારી માઁ ફાતેમા ઝહરા સ.અ.નો વાસ્તો, તુ આ શખ્સની શફાઅત કરી દે. ઈમામ અ.સ.ની દુઆની બરકતથો મારો અઝાબ હટી ગયો અને ઈમામની શફાઅત અલ્લાહની બારગાહમાં કબુલ થઈ. આજે હું બરઝખી જન્નતમાં છું.

આ વાકેઆનું ખોટું અથંઘટન નહીં કરતા નમાઝની એહમીય્યત, રોઝાની એહમીય્યત, હજ, ઝકાત આ બધું તેના મકામ પર વાજીબ છે. પરંતુ આ

બધા અમલોની કુબુલીય્યતની શર્ત એહલેબૈત અ.મુ.સ.ની વિલાયત છે.

ઇ.રેઝા અ.સ. ખુદ ફરમાવે છે કે અમારી મોહબ્બતના ભરોસા ઉપર અમલને છોડી નહી દેતા અને અમલના ઉપર ભરોસો કરીને અમારી મોહબ્બતને છોડી નહી દેતા કારણ કે આ બંને એક બીજા વગર કબુલ નહિ થાય.

સાચો અઝાદાર કયારેય પોતાની નમાઝને કઝા નહી કરે, સાચો હુસૈની કયારેય જુઠ નહી બોલે, સાચો મોહીબ્બે અલી કયારેય કોઇની ગીબત નહી કરે અને જ.ઝહરા સ.અ. ની મોહબ્બત કરનારી કનીઝ કયારેય બે પર્દા નહીં રહે.

અઝાદારો! જ.ઝહરા સ.અ.એ અઝીમ હસ્તી છે જેના વસીલાથો ઇન્સાનની શફાઅત થશે. ઇન્સાન નજાત મેળવશે પરંતુ રસુલે ખુદાના મૃત્યુ બાદ બિન્તે રસુલ પર મુસીબતોનાં પહાડ તૂટી પડયા. આપના ઉપર એટલા ઝુલ્મ થયા કે આપ મરસીયો પડતા ! બાબા આપના મૃત્યું બાદ મારા ઉપર એટલી મુસીબત

પડી કે તે રોશન દિવસ પર પડતે તો અંધારી રાતમાં ફેરવાય જતે.

રસુલે ખુદા સ.અ.વ. ની આંખ બંધ થઇ કે મુસીબતોનો સીલસીલો શરૂ થયો પરંતુ  આપ કેટલા બધા સાબેરા હતા, આપે સબ્ર કરી પણ મૌલાને ન કહ્યું કે ઝાલીમોએ મારી પાંસળીને તોડી નાખી. જ.ફિઝઝા કહે છે કે શેહઝાદી જયારે નમાઝ માટે ઉભા રહેતા તો દિવાલનો સહારો લેતા જયારે આપ ચાલતા તો એક હાથ તુટેલી પાંસળી પર રાખતા અને બીજો હાથ દિવાલ પર રાખીને ચાલતા.જયારે જ.ઝહરા સ.અ.ને મૌલાએ કાએનાત ગુસ્લ આપી રહયા હતા તો ચીખ મારીને રડી પડયા. જ.સલમાન પુછે છે કે મૌલા આપ તો સાબીર છો આટલું રડવાનો સબબ શું ? અચ સલમાન ઝાલીમોએ બિન્તે રસુલની કમરની પાંસળીઓને તોડી નાખી પરંતુ બિન્તે રસુલે મને ન કીધું.

અલા લઅનુલ્લાહે અલલ કવમીઝ ઝાલેમીન. યા અલ્લાહ  મુન્તકીમે ખુને હુસૈન ઇ.ઝમાના અ.સ.ના

ઝુહુરમાં જલ્દી કર. યા અલ્લાહ જ.ઝહરા સ.અ.નાં કાતીલો ઉપર બેશુમાર લઅનત મોકલ અને તેમના અઝાબમાં વધારો કર (આમીન).

## મજલીસ – ૪

### જ.ફાતેમા ઝહરા સ.અ.ના વસીલાથી હાજત પુરી થવાનો અમલ

બીસ્મીલ્લાહીર રહમાનીર રહીમ. કાલલ્લાહો તબારક વ તઆલા

“ઈન્ના અન્ઝલનાહો ફી લયલતીલ કદ્ર. વ મા અદરાક મા લયલતુલ કદ્ર.” (સલવાત)

તમામ તારીફ અને હમ્દો સના એ મહાન પરવરદિગાર અલ્લાહ તબારક વ તઆલા માટે જેણે આપણને તૌફીક આપી કે આપણે ફર્શે અઝા બિછાવીએ અને ઝિક્રે એહલેબૈત (અ.મુ.સ. ) કરીએ, આપણી તૌફિકાતમાં વધારો થાય તે માટે એક આવાઝે બુલંદ સલવાત.

અલ્લાહ તબારક વ તઆલાએ સુ.કદ્ર ,સુ.ઈન્ના અન્ઝલના નાઝીલ કર્યો. આ સુરો કે જે અઝીમ અઝમત અને સવાબ ધરાવે છે. એક હદીસે મુબારેકામાં સાદિકે આલે મોહમ્મદ ઇ.સાદિક અ.સ. ફરમાવે છે કે અગર કોઈ આ સુરાને (સુરે કદ્રને)

વાજીબ નમાઝમાં પઢે તો અલ્લાહ તેના તમામ ગુનાહોને માફ કરી દેશે. આપણા દસમા ઈમામ ઈમામ અલીય્યુન નકી અ.સ. ફરમાવે છે કે રિઝક (રોઝીમાં) બરકત માટે સુ.કદ્રને ૧૦૦ વખત પઢવો જોઈએ.

અલ્લાહ તબારક વ તઆલા કુર્આને મજીદમાં સુ.કદ્રમાં ઈરશાદ ફરમાવે છે કે ઈન્ના અન્ઝલનાહો ફી લયલતીલ કદ્ર, બેશક અમે લયલતુલ કદ્રમાં કુરઆન નાઝીલ કર્યુ. વ મા અદરાક મા લયલતુલ કદ્ર. તમ શું જાણો કે લયલતુલ કદ્ર શું છે ? એટલે કે તમને લયલતુલ કદ્રની મઅરેફત નથી આપવામાં આવી. સાદિકે આલે મોહમ્મદ ઈમામ જઅફરે સાદિક અ.સ. ફરમાવે છે કે લય્લતુલ કદ્રમાં લય્લથી મુરાદ જનાબે ફાતેમા ઝહરા સ.અ. છે અને કદ્રથી મુરાદ અલ્લાહ તઆલા છે, જેને જનાબે ફાતેમા સ.અ.ની મએરફત થઈ ગઈ તેને શબે કદ્ર નસીબ થઈ ગઈ.

શેહઝાદીએ કૌનેન ખાતુને જન્નત જ.ઝહરા સ.અ.નો અલ્લાહની નઝદીક અઝીમ મકામ છે

અલ્લાહ તબારક વ તઆલા આપના વસીલાથી માંગેલી દુઆને રદ નથી કરતો.

આવો આપણે એક વાકેઓ સાંભળીએ. સીદ્દીકાએ તાહેરા એ અઝીમ વસીલો છે, જેના ઝરીએ અલ્લાહ દુઆ કબુલ કરે છે. અલ્લાહ તેમના વસીલાથી કરેલી દુઆને કયારેય રદ નથી કરતો. તેહરાનના મદ્રેસામાં એક તાલીબે ઈલ્મ ઈલ્મ હાંસીલ કરી રહયો હતો. તે પાસેના ગામ માઝન્દરાનમાં રહેતો હતો. તેનું નામ એહમદ હતું. તે સમયમાં ઈલ્મ હાસીલ કરવા માટે પણ રહેવાનો જમવાનો, કિતાબનો ઘણો ખર્ચ થતો હતો. તે ગરીબ હતો પરંતુ તેનો ખર્ચ તેના ગામની એક ખાતુન આપતા હતા. તે ખાતુને કહ્યુ હતુ કે હું ચોખાની ખેતી કરૂ છું. ચાવલ જયારે વર્ષમાં પાકતા તો તે ખાતુન તે ચાવલમાંથી અમુક બોરી ચાવલ તાલીબે ઈલ્મને આપતી. એહમદ તેનું નામ હતું તે બીજા પાસે કર્ઝો ઉધાર લેતો, જયારે ચાવલ આવતા, તો તેમાંથી કર્ઝો ચુકવી દેતો. તે રીતે તેનો ખર્ચ પણ નીકળતો અને દીની ઈલ્મ પણ હાંસિલ કરતો.

પરંતુ એક વર્ષે એવુ બન્યુ કે વરસાદ ખુબ ઓછો થયો. ચાવલની ખેતી બરબાદ થઇ ગઇ. બધુ જ સુકાઇ ગયું. તે ખાતુને એહમદને કાગળ મોકલ્યો કે આ વર્ષે હું તને ચાવલ નહીં મોકલાવી શકું કારણ કે પાણીની તંગીના કારણે ચાવલની ખેતી ન થઇ. જયારે આ પત્ર મળ્યો પત્ર વાંચતા જ એહમદની મુસીબત વધી ગઇ. બધા લોકોથી ખર્ચ માટે કર્ઝ ઉધાર લીધ હતું. તેને ચુકવવાની તારીખ આવી ગઇ હતી. કેવી રીતે કર્ઝ ચુકવીશ ? કેવી રીતે હું મારો ખર્ચ કાઢીશ? ચિંતામાં અને ચિંતામાં હતો..

પરંતુ અચાનક તેને યાદ આવે છે કે તેણે કિતાબમાં વાંચ્યુ હતુ કે સીદ્દીકા એ તાહેરા જ.ફાતેમા સ.અ.થી તવસ્સુલ કરવામાં આવે તો દુઆ કબુલ થાય છે. મુશ્કેલીઓ દુર થાય છે.તે કિતાબમાં જ.ઝહરા સ.અ.થી તવસ્સુલ કરવાની રીત પણ લખી હતી. કિતાબમાં લખ્યુ હતું કે અગર કોઇ ૫૩૦ વખત દરરોજ આ રીતે દુઆ પઢીને જ.ઝહરા સ.અ.થી તવસ્સુલ કરશે તો તેની દુઆ કબુલ થશે ‘‘ઇલાહી બે હક્કે

ફાતેમત વ અલીહા વ બઅલેહા વ બનીહા વ સીર્રીલ મુસ્તવદએ ફીહા'' તે તાલીબે ઇલ્મ એહમદે દરરોજ જ.ઝહરા સ.અ.થી આ રીતે દુઆ પઢીને તવસ્સુલ કરવાનું શરૂ કર્યું. તવસ્સુલ શરૂ હતુ કર્ઝદારોની તારીખ નઝદિક આવી રહી હતી પરંતુ ભરોસો હતો. તવસ્સુલ શરૂ રાખ્યુ. એક એક દિવસ પસાર થતો હતો .હું કર્ઝદારને મળવાથી પણ શર્મ મહેસુસ કરી રહયો હતો પરંતુ મે જ.ઝહરા સ.અ.થી તવસ્સુલ કરવાનુ વિર્દ ઝબાન પર જારી રાખ્યુ. દુઆ માંગી રહયો હતો. ત્યાં સુધી કે કર્ઝ ચુકવવાની એક દિવસ પહેલા મારા ઘરનો દરવાજો અચાનક કોઈએ ખખડાવ્યો. હુ રૂમમાં હતો ,મે દરવાજો ખોલ્યો તો મે જોયું કે તેહરાનનો સૌથી મશહુર વેપારી મારા ઘરે આવ્યો છે. મને નવાઇ લાગી. તેણે મને પુછયુ કે  એહમદે માઝન્દરાની તમે છો ? મે કહયુ હા. પછી તેઓ મારા રૂમમાં આવ્યા.

પછી તે વેપારીએ કહયુ કે મદ્રેસાના દરવાજા પાસે અનાજ ભરેલી ગાડી ઉભી છે. આ બધુ જ અનાજ તમારૂ છે. તમે જે રીતે ચાહો તે રીતે ખર્ચ કરજો અને

જયારે પણ કોઈ જરૂરત ઉભી થાય તો મને કહેજો. મે કહ્યુ કે હું તમને ઓળખુ છુ. મે તમને બે ત્રણ વખત જોયા છે અને તમે તેહરાનનો મોટા વેપારી છો. તમારૂ નામ મને ખબર નથી પરંતુ તમે મને કઈ રીતે ઓળખો છો ? તો તેઓ એ કહ્યુ નહી. હું તમને નામથી નથી ઓળખતો જયારે તમે મને નથી ઓળખતા તો પછી આટલું બધુ અનાજ મને શા માટે આપો છો ?

તે વેપારીએ કહ્યું કે મારી પાસે એક પત્ર આવ્યો છે. આ પત્ર સામરરાના મહાન મુજતહીદ અને આયતુલ્લાહ મરહુમ મીર્ઝા શીરાજીએ મને મોકલ્યો.તેમણે પત્રમાં લખ્યુ કે એહમદ માઝન્દરાની ભણે છે. તમે આ તાલીબે ઈલ્મનો ખર્ચ ઉપાડજો. અનાજ આપજો અને મદ્રેસાની કિતાબો તથા રહેવા અને જમવાનો ખર્ચ પણ તમે ઉપાડજો, તેમણે મને કહ્યું એટલે હું તમને આ અનાજની ગુણો આપવા આવ્યો છું. પત્રમાં આયતુલ્લાહે એ પણ લખ્યું છે કે તમે તવસ્સુલમાં જે વિર્દ પડતા હતા, તે અધુરો છે હું તમને તે વીર્દ પુરો બયાન કરૂ.

તમે તવસ્સુલમાં પડતા હતા કે ઈલાહી એ હકકે ફાતેમત વ અબીહા વ બઅલેહા વ બનીહા વ સીરરીલ મુસ્તવદઅે ફીહા. તમે તેનો છેલ્લો એક જુમ્લો પડતા ન હતા. તમે તમારા તવસ્સુલમાં આ જુમ્લો ઉમેરી દેજો, બે અદદે મા અહાત બેહી ઈલ્મોક જયારે તમે આ જુમ્લાને છેલ્લે પડશો ત્યારે તવસ્સુલ પુરૂ થશે. એટલે જયારે તમે તવસ્સુલ કરો તો પુરૂ તવસ્સુલ કરજો ‘‘ઈલાહી બે હકકે ફાતેમત વ અબીહા વ બઅલેહા વ બનીહા વ સીરરીલ મુસ્તવદઅે ફીહા બે અદદે મા અહાત બેહી ઈલ્મોક’’ (દરરોજ ૫૩૦ વખત પઢે તો નેક હાજત પુરી થાય મુશ્કેલી દુર થાય) પછી અલ્લાહથી દુઆ કરજો.

તમે ઘ્યાન આપ્યુ કે તેની મુશ્કેલી હલ થઈ. આ તવસ્સુલના કારણે, જે અધુરૂ હતું પરંતુ શું કહેવું સૈયદા સ.અ.ની કરમ અને અતાનું કે તવસ્સુલ અધુરૂ હતું પરંતુ જ સૈયદાએ જે અતા કર્યુ તે પુરે પુરૂ હતું.

હા ! આવી અઝીમ હસ્તી જ.સૈયદા સ.અ. કે જેનાં ઘરે લોકોને અતા કર્યુ છે પરંતુ લોકોએ જ.સૈયદા

સ.અ.ની અઝમતને ન ઓળખી. આપની આલને કરબલામાં શહીદ કરી દીધી. આવો આપણે એક વાકેઓ સાંભળીએ.

હેસામુલ વાએઝીન એક સારા આલીમે દીન હતા. તેનુ નામ હેસામુદ્દીન હતુ. તેઓ સારા વાએઝ મજલીસ પઢનારા હતા, એટલે લોકોમાં હેસામુલ વાએઝીનના નામથો મશહુર થઇ ગયા. તેઓ ઇરાનમાં અમુક શહેરોમાં મજલીસ પઢતા. તેમનો એક વાકેઓ મળે છે. તેઓ ઝિયારત માટે કરબલા ગયા. તેઓ અરબી તુર્કી અને ફારસી ત્રણેયમાં ઝબાનમાં મજલીસ પઢતા હતા. તેઓ ઘણા સમય સધી કરબલામાં રહયા. જેટલા કાફલા આવતા તેમાં તેઓ મજલીસ પઢતા. તેઓ ફરમાવે છે કે હું કરબલામાં હતો. હરમનાં મીમ્બર પરથો મજલીસ પઢતો અને હું કોશીષ કરતો કે ઇ.હુસૈન અ.સ.ની ઝરીહ પાસે એવા સમયે જાવ કે જયારે ઓછો માણસો હોય અને એકલો બેસીને ઇ.હુસૈન અ.સ.ની બારગાહમાં દુઆ-મુનાજાત કરૂ. ઇ.હુસૈન પર રડું. એક દિવસ હું ઝોહૈરેન બાદ ઇ.હુસૈન અ.સ. ના હરમમાં

પહોંચ્યો. રોઝામાં કોઇ ન હતુ. ઝરીહમાં આજુબાજુ કોઇ ન હતુ. મૌલાની ઝરીહ પાસે બેસીને મૌલા હુસૈનનાં મસાએબ પઢીને હું ગિર્યા કરી રહયો હતો.

અચાનક મને કાંઇક અવાજ આવવા લાગી. મે જોયું તો ઝરીહની બીજી બાજુ એક માણસ ઇમામ હુસૈન (અ.સ.)ની ઝરીહ મુબારકને પકડીને દુઆ કરી રહયો હતો. તુર્કી ઝબાનમાં તે ઇમામને કહી રહયો હતો કે હું સૈયદ છું. ઝિયારત માટે આવ્યો હતો. મૌલા ! મારો માલ લુંટાઇ ગયો. મૌલા મને ૩ દિનાર આપી દયો જેથી હું મારા વતન પહોંચી જાવ. હું મારા કોઇ કાફલા વાળાથી યા દોસ્તથી નહીં માંગુ. મૌલા તમે અતા કરો હું વાયદો કરૂ છુ કે વતન પહોંચીને આ રકમ તમારી રાહમાં વાપરીશ. મને આટલુ કર્ઝ જોવે છે.મૌલા મને અતા કરો. તે રડી રડીને દુઆ કરી રહયો હતો. મે પણ ઇમામ અ.સ. થી દુઆ કરી કે મૌલા તેને ૩ દિનાર અતા કરી દયો. તે બીજા કોઇથી માંગવા નથી ચાહતો. હું ઉભો થઇને તેની પાસે ગયો. હું તને ૩ દિનાર આપુ આ કોઇ મોટી રકમ નથી. તેણે કહયું નહીં મને ઇ.હુસૈન થી જ

જોવે છે. આકા સિવાય કોઇની પાસેથી નહી લઉ. હું પાછો આવીને બેસી ગયો અને દુઆ કરવા લાગ્યો. અચાનક તેની દુઆની અવાજ બંધ થઇ ગઇ. મને લાગ્યું કે કોઇ છે કે  જે તેની સાથ વાત કરી રહ્યું છે. વાત ચીત પુરી થઇ ગઇ. બીજી જે અવાજ આવતી હતી તે બંધ થઇ ગઇ. અચાનક તે સૈયદ ચીખ મારીને રડવા લાગ્યો. તેની રડવાની અવાજ સાંભળી હું તેની પાસે ગયો. તેનો અંદાજ બદલાઇ ગયો છે. જાણે કે તેના ઉપર કોઇ મોટી મુસીબત આવી હોય તેમ રડી રહયો હતો. મે પુછયું ખૈરીયત તો છે ને ! શુ થયું ?

તેણે કહયું જયારે હું ઇમામ હુસૈન અ.સ.થી દુઆ કરી રહયો હતો ત્યારે એક ખાતુન મારી પાસે આવ્યા. મે જોયુ તો મુકમ્મલ હિજાબમાં હતા. તેઓ બેસી ગયા અને મને કહ્યુ કે તારે શું જોવે છે? મે કહ્યુ કે હું મૌલા હુસૈનથી ૩ દિનાર કર્ઝ તરીકે માંગી રહયો છું. તેમણે કહ્યુ હું તને ૩ દિનાર આપુ. મે કહ્યું કે હું મૌલા હુસૈનથી જ ૩ દિનાર લઇશ બીજા પાસે નહીં માંગુ. તે ખાતુને કહ્યુ હુસૈન મારો જ દિકરો છે. જ

સૈયદા સ.અ.એ પોતાના પાકીઝા હાથથી મને ૩ દિનાર આપ્યા પછી રૂખ્સત થઇ રહયા હતા. મે તેમને પુછ્યુ કે શેહઝાદી મે મજલીસોમાં સાંભળ્યુ છે કે શહાદતનાં મૌકા ઉપર આપની ઉમ્ર ૧૮ વર્ષની હતી. હા યકીનન મારી ઉમ્ર ૧૮ વર્ષની હતી.

મે પુછયું શેહઝાદી ૧૮ વર્ષની દિકરીની કમર તો જુકી ગએલી નથી હોતી, આપની તો કમર જુકી ગઇ છે. જ. સૈયદાએ જવાબ આપ્યો કે અય સૈયદ તને નથી ખબર શહાદતની પહેલા મારી કમરની હાડકાની પાસંળીઓને તોડી નાખવામાં આવી. એવી રીતે મારા હાડકાઓની તોડી નાખ્યા કે હું સીધી નથી ઉભી રહી શકતી. મારા ઉપર દરવાજો ગીરાવવામાં આવ્યો. મારો મોહસીન શહીદ થઇ ગયો. હા ! અઝાદારો જ.ઝહરા સ.અ. ઉપર એટલી મુસીબતો પઢી કે આપ વફાતે રસુલ પછી ૭૫ યા ૯૫ દિવસમાં શહીદ થઇ ગયા. (મૌલાના ઝકીહસન નુરી સાહેબની મજલીસ માંથી)
અલા લઅનતુલ્લાહે અલલ કવમીઝ્ઝાલેમીન.

# મજલીસ – ૫

## ઈમામ હુસૈન (અ.સ.)ના નામ પર આસુંનું વહેવુ અને નજાત

એક મહાન આલીમ આયતુલ્લાહ ફીશારકી હતા. જયારે તેમના ઈન્તેકાલ પછી તેઓ તેમના શાર્ગીદના ખ્વાબમાં આવ્યા. શાર્ગીદે તેમને પુછયું કે કબ્રમાં આપના પર શું વીત્યું? (આયતુલ્લાહ ફીશારકી મઅરેફતની એવી મંઝીલ પર હતા કે જયારે પણ તેમની સામે ઈમામ હુસૈન (અ.સ.) નું નામ આવતું, તેઓ રડવા લાગતા હતા) (અલ્લાહ આપણને બધાને એવી મઅરેફત નસીબ કરે)

આયતુલ્લાહ ફીશારકી એ શાર્ગીદને જવાબ આપ્યો કે કબ્રમાં મુન્કીર અને નકીર નામના ફરિશ્તાઓએ મને સવાલ કર્યો. તારો રબ કોણ છે? મે જવાબ આપ્યો : અલ્લાહ. તેઓએ પૂછયું : તારો કીબ્લો કયો છે ? મે જવાબ આપ્યો : કાઅબા. તેઓએ પૂછયું : તારી કીતાબ કઈ છે? મે જવાબ આપ્યો : કુરઆન.

તેઓએ પૂછયું : તારા નબી કોણ છે ? મે જવાબ આપ્યો : હઝરત મોહમ્મદ મુસ્તુફા (સ.અ.વ.)

પછી તેઓએ પૂછયું : તારા ઈમામ કોણ છે ? મે જવાબ આપ્યોઃ હઝરત અલી (અ.સ.) તેના પછી તારા ઈમામ કોણ છે? મે કહ્યું હઝરત ઈમામ હસન (અ.સ.). તેના પછી તારા ઈમામ કોણ? મે કહ્યું ઈમામ હુસૈન (અ.સ.) મારા ઈમામ છે, તો દુનિયામાં જેવી રીતે ઈમામ હુસૈન (અ.સ.)ના નામ પર આંસુ આવતા હતા, કબ્રમાં પણ આંસુ વહેવા લાગ્યા. મુન્કીર અને નકીર મને જોતા જ રહી ગયા. આ દ્રશ્ય જોઈને તેઓ પણ મારી સાથ રડવા લાગ્યા. મારી કબ્ર અઝાખાનામાં બદલાઈ ગઈ.

થોડીક વાર પછી ફરીશ્તાઓએ એક બીજાને કહ્યું કે આ શખ્સ તો નામે હુસૈન (અ.સ.) પર એવી રીતે રડે છે કે હવે તેને સવાલ કરવાની ગુંજાઇશ નથી. પછી ફરીશ્તાઓ ચાલ્યા ગયા. આવો આપણે એક બીજો વાકેઓ સાંભળીએ.

કુફા શહેરના બજારમાં ખુબ જ ભીડ હતી. એક બીબી તેના એક નાના છોકરાને ત્યા લઈને આવી હતી. તે છોકરાનું નામ હુસૈન હતુ. ભીડમાં તે છોકરો ખોવાઇ ગયો હતો. તે બીબી ભીડમાં તમાશો જોઇ રહી હતી કે કૈદીઓ છે. નોકે નેઝા પર સર છે. તેણીએ તેના છોકરાને શોધ્યો પણ તેણીને તે કયાંય મળ્યો નહીં. તેણી કહેવા લાગી યા હુસૈન, યા હુસૈન, જ.ઝયનબ (સ.અ.) એ તેણીને કહ્યું તું યા હુસૈન, યા હુસૈન કહો છો ત્યાં નોંકે નેઝા પર હુસૈન (અ.સ.) નુ સર છે. તે બીબીએ કહ્યું હું આ હુસૈનની વાત નથો કરતી (તેણીને સમજમાં ન આવ્યું કે તે કોણ હુસૈન (અ.સ.) છે). હું તો મારા છોકરા હુસૈનની વાત કરૂ છું. મારો છોકરો આ મજમામાં ખોવાઇ ગયો છે. હું મારા દિકરા હુસૈનને શોધુ છું.

જ.ઝયનબ (સ.અ.) એ તેણીને કહ્યું કે તું ઘરે જા. તારો છોકરો તારા ઘરે પહોંચી ગયો છ. તેણી તરત જ તેના ઘરે આવી. હજી સુધી તે ન સમજી શકી આ પવિત્ર હસ્તીઓ કોણ છે) તેણીએ ઘરે આવીને જોયું કે

તેનો છોકરો યા હુસૈન (અ.સ.) યા હુસૈન (અ.સ.) કહેતો હતો અને રડતો હતો. તેણીએ પોતાના છોકરાને છાતી એ લગાડયો અને પૂછયું : તું શા માટે રડે છે ?

તે છોકરો કહે છે : અમ્મા ! શું તને ખબર છે તે કૈદી કે જેના હાથમાં હથકડી છે તે કોણ છે ?

અમ્મા ! શું તને ખબર છે તે બીબી કે જેના બાજુઓમાં રસ્સી બાંધેલી છે તે કોણ છે?

તેની માતાએ પૂછયું બેટા તે કોણ છે? તે છોકરાએ કહયું : અમ્મા ! તે જ.ફાતેમા ઝહરા (સ.અ.)ની બેટી જ.ઝયનબ (સ.અ.) છે. જે નોકે નૈઝા પર સર છે તે હ.રસુલે ખુદા (સ.અ.વ.) ના નવાસા ઈમામ હુસૈન (અ.સ.) નું સર છે. છોકરો આ કહીને રડી રહયો હતો. રડતા રડતા તે બેહોશ થઈ ગયો અને તે મરી ગયો (આ છોકરાનો મઅરેફત જુઓ કેવી હતી)

હવે જયારે તે છોકરો મરી ગયો તો તેની માતા તરત જ જ.ઝયનબ (સ.અ.) ની ખીદમતમાં આવી

અને કહયું અય બીબી હું તમને પુરસો પેશ કરૂ છું પરંતુ એક હાજત લઈ ને આવી છું.

આપના ભાઈ હુસૈન (અ.સ.) પર રડતા રડતા મારો દિકરો હુસેન મરી ગયો છે. અય બીબી ! તેને જીવતો કરી દો. જ.ઝયનબ (સ.અ.) એ તેણીને કહયું કે આગળ જે ઉટોની લગામ પકડીને ચાલી રહયા છે. જેની હાથોમાં હથકડી છે. તે કાફલાના સરદાર છે અને હુજજતે ખુદા છે. તુ તેમની પાસે જા.

તેણી સય્યદે સજજાદ (અ.સ.) પાસે આવે છે અને કહે છે મૌલા ! તમને તમારા બાબા હુસૈન (અ.સ.) નો વાસ્તો, મારા દિકરા હુસૈનને જીવતો કરી દો. સય્યદે સજજાદ (અ.સ.) એ દુઆ કરી અય પરવરદીગાર ! તેનો પુત્ર મારા બાબા હુસૈન (અ.સ.) નો અઝાદાર હતો તેની માતાના દીલને તકલીફ ન થવા દે. (મૌલાના કુમેલ મહદવી સાહેબની મજલીસ માંથી).

# મજલીસ – ૬

## જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) થી તવસ્સુલ

### બીસ્મીલ્લાહીર રહમાનીર રહીમ.

એક મહાન ખતીબ અબ્દુઝઝહરાએ કાબી (અ.ર.) હતા. જેનો જન્મ ઈરાકમાં થયો હતો પણ તે સમયે ઈરાકના હાલાત સારા ન હતા એટલે વધુ પડતા તે ઈરાકની બહાર રહેતા હતા. તે લેબનાન અને બેહરૈન અને બીજી જગ્યાઓ પર મોહર્રમમાં મજલીસો પઢવા જતા હતા. તેઓ અરબી ઝબાનના એક મહાન ખતીબ હતા. માહે મોહર્રમમાં તેઓનો મજલીસ પઢવાનો સિલસિલો ચાલુ જ રહતો અને તેઓની મજલીસ પઢવા બાબતે એલાન થતું કે તેઓ ફલા દિવસે આ જગ્યાએ મજલીસ પઢશે.

જે વર્ષ તેઓ લેબનોનમાં મજલીસ પઢવા માટે ગયા હતા (૧ થી ૧૦ મોહર્રમની મજલીસ) ૭ મી મોહર્રમની મજલીસ પઢીને તેઓ નીકળી રહયા હતા કે એક જવાન શખ્સ તેમની પાસે આવ્યો અને કહયું કે તમારે એક મજલીસ પઢવાની છે. તેઓએ કહયું કયારે

મજલીસ પઢવાની છે ? તે જવાન શખ્સે કહ્યું ‘‘શબે આશુર’’ના મજલીસ પઢવાની છે. આગા એ કાબી (અ.ર.) એ કહ્યું આ મોહર્રમના દસ દિવસ જવા દો, આશુરનો દિવસ પુરો થઇ જાય પછી મજલીસ રાખી દેજો.

તે શખ્સે કહ્યું નહિ, મારે શબે આશુરના જ મારા ઘરે મજલીસ રાખવી છે. તે શખ્સ પોતાના અંદાજ, ચહેરા અને કપડાથી કોઇ ગૈર મઝહબનો નજર આવી રહયો હતો. (એવા ઘણા માણસો હોય છે, જે એહલેબૈત (અ.મુ.સ.) થી અકીદત રાખે છ અને ઇમામ હુસૈન (અ.સ.) માટે મજલીસ રાખે છે) આગા એ કાબી (અ.ર.) સમજયા કે આ શખ્સ પણ તે માણસોમાંથી જ છે, જે ઇમામ હુસૈન (અ.સ.)ની મજલીસ રાખવા ચાહે છે. તેઓએ પહેલા તે શખ્સથી માફી ચાહી કે તેઓ મજલીસ પઢવા નહીં આવી શકે. તે શખ્સે ખૂબજ ઇસ્રાર કર્યો તો આગાએ કાબી એ કહ્યું કે હું કોશીશ કરીશ કે તમારા ઘરે હુ મજલીસ પઢવા પહોંચી જઉ, પણ તે શખ્સે કહ્યુ નહિં, તમારે વાયદો

કરવો પડશે કે મારા ઘરે તમારે જ મજલીસ પઢવાની છે. તેઓએ કહ્યું ઠીક છે, હું પહોંચી જઇશ. મજલીસ પઢવા માટે એક સમય નકકી કરવામાં આવ્યો.

આગાએ કાબી (અ.ર.) બયાન કરે છે કે જયારે હું શબે આશુર તે શખ્સના ઘરે નકકી કરેલ સમયે મજલીસ પઢવા ગયો. જેવો તે શખ્સે મને જોયો તે રડવા લાગ્યો અને મને કહવા લાગ્યો કે આગાએ અબ્દુઝઝહરા તમારે આજની મજલીસમાં જ.ફાતેમા ઝહરા (સ.અ.)ના સંપૂર્ણ મસાએબ પઢવાના છે. દરવાજો ગીરાવવાના મસાએબ, દરવાજા સળગાવવાના મસાએબ, દુશ્મનોનું આપ (સ.અ.) પર હુમલો કરવો વિગેરે બધાજ મસાએબનો ઝીક્ર કરવાનો છે.

આગાએ કાબી એ તે શખ્સને કહ્યું કે આજે જ.ફાતેમા ઝહરા (સ.અ.) ના મસાએબ પઢવાની કોઇ મુનાસેબત નથી, આજે શબે આશુર છે અને આજે શબે આશુરના શોહદાએ કરબલાના મસાએબ પઢવામાં આવે છે. તે શખ્સે કહ્યું નહિં. હુ ચાહું છું કે તમો

જ.ફાતેમા ઝહરા (સ.અ.) ના મસાએબ પઢો. તે શખ્સના જુમ્લામાં ન જાણે એટલો અસર હતો કે આગાએ કાબી કહે છે કે મે તે શખ્સને કહયું કે હું આ મજલીસ પઢવા માટે તૈયાર છું. જો કે તે મજલીસ મુનાસેબત પ્રમાણે ન હતી, એટલે હું જ.ફાતેમા ઝહરા (સ.અ.) ના મસાએબ વિષે વિચારી રહયો હતો. મે તે શખ્સ ને કહયું કે મારે બીજી જગ્યાએ પણ મજલીસ પઢવાની હોવાથી, જલ્દીથી આપણે મજલીસ ચાલુ કરીએ.

જેવો હું મીમ્બર પર મજલીસ પઢવા માટે ગયો, મે જોયું કે બહુંજ ઘણો મોટો મજમો છે, તે પણ ગૈરે શિયા છે સિવાય ૪ થી ૫ મોઅમીન. (ખતીબ માટે તે મસાએબ, જે મુનાસેબત ન રાખતા હોય અને એવા મજમો જે ગૈર મઝહબથી સબંધ ધરાવતો હોય, મજલીસ પઢવું કેટલુ અઘરૂ છે.) આગાએ કાબીએ કહયું હુ ફીક્ર મંદ હતો કે કેવી રીતે આ મજમા સામે મસાએબ પઢું. મે જ.ફાતેમા ઝહરા (સ.અ.)ની શાનમાં બે થી ત્રણ હદીસ પઢી, જેથી મજમા માટે

સ્પષ્ટ થઇ જાય. પછી જેવો મે આ જુમ્લો પઢયો કે જે મદીનાની શહેઝાદી હતી કે તે એક દિવસ એટલી એકલી થઇ ગઇ કે તેમના ઘરના દરવાજા આગળ લાકડીઓ જમા કરવામાં આવી. તેમનો દરવાજો ગીરવવામાં આવ્યો અને સળગાવવામાં આવ્યો. અચાનક મને જેમ કાંચ તુટતો હોય તેવો અવાજ સંભળાયો. મે નજર કરી તો જોયું કે મારો મેજબાન જે સુન્ની મઝહબથી તઅલ્લુક રાખતો હતો તે જ સરબતના ગ્લાસ જે લોકોને આપી રહયો હતો, તે ગ્લાસ પોતાના માથા પર મારતો હતો અને આ જુમ્લા કહતો હતો, અય રસુલની બેટી તમે એટલા એકલા પડી ગયા, તમારો કોઈ મદદગાર ન હતો. અય કાશ! કે હું મદીનામાં હોત તો આપના પર આ ઝુલ્મ ન થવા દેત.

મસાએબ પૂરા થઈ ગયા પછી આગાએ તે શખ્સને આ મજલીસ રાખવાનું અને તેમાં જ ફાતેમા ઝહરા (સ.અ.)ના મસાએબ પઢાવવા પાછળનું કારણ પુછયું. તે શખ્સે કહયું કે હું એન્જીનીયર છું અને સુન્ની મસ્લકથી તઅલ્લુક રાખું છું. મે આ મજલીસ જ.ફાતમા

ઝહરા (સ.અ.)ની નઝર (મન્નત) કરી હતી. મે ઘણા ખતીબો દ્વારા જ.ફાતેમા ઝહરા (સ.અ.)ની મજલીસ સાંભળી હતી. પણ તમારી દ્વારા પઢવામાં આવેલ મજલીસ મને પસંદ આવી હતી અને મે જ.ફાતેમા ઝહરા (સ.અ.) થી દુઆ કરી હતી કે મને તમારાથી મજલીસ પડાવવાનો મોકો મળી જાય. આગાએ કાબીએ પૂછયું કે શા માટે તે મને શબે આશુરના જ.ફાતેમા ઝહરા (સ.અ.) ના મસાએબ પઢવાનું કહયું તે શખ્સે કહયુ આના પાછળ એક દાસ્તાન છે.

તે શખ્સ કહે છે હું એક દિવસ મારી ઓફીસમાં બેઠો હતો, ત્યારે મારી પત્નીનો ઓફીસના લેન્ડલાઈનમાં ફોન આવ્યો. મારી પત્નીએ કહયું જલ્દી આવી જાવ. જો તમે ચાહતા હો કે તમારો દિકરો બચી જાય. મે કહયુ શું થયું? તેણીએ કહયું તે સીકકો (જે મોટો હતો) ગળી ગયો છે અને શ્વાસ લઈ નથી શકતો. મે મારી પત્નીને કહું કે તું ઘરેથી હોસ્પીટલ પહોંચ અને હું ઓફીસથી હોસ્પીટલ પહોચું છું. મારી પત્ની છોકરાને લઈને હોસ્પિટલ પહોંચી અને હું પણ ત્યા

પહોંચ્યો. ડોકટરે અમને કહ્યું કે પરિસ્થિત એવી છે કે જો આ સીકકાને નીચે ખસેડશું તો શ્વાસની નળી બ્લોક થઇ જશે અને છોકરો મરી જશે અને તે સીકકાને જો ઉપરની તરફ લેવાની કોશીશ કરશું તો તે ઝખ્મ બનાવતો શ્વાસની નળીને ઝખ્મી કરશે અને બાળક માટે જીંદગીનું જોખમ થઇ જશે. તે ડોકટર મારા દિકરાને ઓપરેશન થોયેટર માં લઇ ગયો અને કહ્યું કે અમે કોશીશ કરશું કે સીકકાને ઉપરની તરફ કાઢીએ. અમારી પાસે બીજો કોઇ રસ્તો નથી પણ તે ડોકટરે (જે ખ્રિસ્તી હતો) તેણે મને કહ્યું કે એક શખ્સીયત છે જેને તમે દુઆ કરો તો તમારા દિકરાને શિફા મળી જાય. મે પૂછ્યુ કોણ છે? તે ડોકટરે કહ્યું જનાબે મરયમથી દુઆ કરો. પછી તે ડોકટર ઓપરેશન થોયેટરમાં ચાલ્યો ગયો. હું ચિંતામાં હતો. મે ચાહ્યુ કે જ.મરયમથી દુઆ કરૂ, અચાનક મને ખ્યાલ આવ્યો કે હું તો મુસલમાન છુ. હું વિચારવા લાગ્યો કે શું આલમે ઈસ્લામમાં કોઇ એવી ખાતુન નથી જેનાથી હું દુઆ કરી શકુ ? અચાનક મને  ખ્યાલ આવ્યો કે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)

ની બેટી છે, જેનું નામ જ.ફાતેમા ઝહરા (સ.અ.) છે. મે તેમનાથો તવસ્સુલ કર્યુ. થોડીવાર પછી ડોકટર ઓપરેશન થોયેટરમાંથો બહાર આવ્યા અને કહેવા લાગ્યો કે જે જ.મરયમથો તમે દુઆ કરી હતી? તેમણે તમારા દિકરાને શિફા અતા કરી છે. મે જલ્દી તે ડોકટર ને જવાબ આપ્યો કે મે જ.મરયમથો નહી પરંતુ ફખ્રે મરયમ જ.ફાતેમા ઝહરા (સ.અ.) થો તવસ્સુલ કર્યુ હતું.

મે તે જ સમયે નઝર (મન્નત) કરી હતી કે હું શબે આશુરના ફાતેમા ઝહરા (સ.અ.) ની મજલીસ રાખીશ અને તેમાં જ. ફાતેમા ઝહરા (સ.અ.)ના જ મસાએબ પઢવામાં આવશે. આજે મારા દિકરો જીવતો છે, તો તે જ.ફાતેમા ઝહરા (સ.અ.)ની દુઆ થકી જ છે.

અલ્લાહની બારગાહમાં કોઇ જ.ફાતેમા ઝહરા (સ.અ.) નો વાસ્તો આપે અને યકીન રાખે કે જેટલી દિલની ઉંડાઇ થો પુકારશે એટલો તેને જવાબ જલ્દી

મળશે. (મૌલાના ઝકીહસન નુરી સાહેબની મજલીસ માંથી)

# મજલીસ – ૭

મજલીસે અઝાની મન્નત અને બીમારીથી શીફા અને જ.કાસીમ (અ.સ.)ના મસાએબ.

બીસ્મીલ્લાહીર રહમાનીર રહીમ. કાલ રસુલુલ્લાહ (સ.અ.વ.)

"રસુલે ખુદા સ.અ.વ. ફરમાવે છે, ઈન્નલ હુસયન મીસ્બાહુલ હોદા વ સફીનતુન્નજાત" (સલવાત)

યકીનન ઇ.હુસૈન અ.સ. હિદાયતનો ચિરાગ અને નજાતની કશ્તી છે.

ઇ.હુસૈન અ.સ. જ નહીં પરંતુ તે દરેક ચીજ જે ઇ.હુસૈન અ.સ.થી મન્સુબ છે એટલે કે મજલીસે અઝા, માતમે હુસૈન, ઝિયારત, આ દરેક ચીજો પણ ઈન્સાન માટે હિદાયત અને નજાતનો વસીલો છે.

મજલીસે અઝા કે જેના વસીલાથી ઈન્સાનને શિફા ભી મળે છ, જે લોકો મજલીસે અઝા પોતાના ઘરે કરે છે, તેમની પણ અઝમત કેટલી છે ? આવો આપણે એક વાકેઓ સાંભળીએ. આ વાકેઓ હું આપની સામે મૌલાના કૌમેલ મહદવી સાહેબની મજલીસમાંથી

બયાન કરી રહયો છું. તેઓ ફરમાવે છે કે આ વાકેઓ તેમણે ઇરાનનાં ખતીબથી સાંભળ્યો છે.

એક આલીમે દીન કહે છે કે ઇરાનનાં કિરમાન શહેરમાં એક મોઅમીનના ઘરે મોહરમ મહિનામાં ૧૮ દિવસ સુધી મજલીસ થતી. મજલીસ બાદ ઇરાનની બેહતરીન ન્યાઝ થતી. દરરોજ ન્યાઝે હુસૈનમાં મોઅમીનો માટે બેહતરીન ન્યાઝનું દસ્તરખ્વાન બીછાવવામાં આવતું. ઘણા બધા અઝાદારો માટે આ મજલીસ થતી. દર વર્ષે આ સીલસીલો હતો. કિરમાન શહેરમાં આ મજલીસ જે કરતા હતા તે એક વૃઘ્ધ માણસ હતા. તેમની પાસે માલે દુનિયાથી કાંઇ ખાસ ન હતું. મને નવાઇ લાગી કે આટલો મોટો ૧૮ દિવસની મજલીસનો પ્રોગ્રામ અને દરરોજ ન્યાઝે હુસૈન કરવુ. હું તેમની પાસે ગયો અને સવાલ કર્યો કે તમે દર વર્ષે ૧૮ મજલીસ કરો છો મજલીસ બાદ બેહતરીન ન્યાઝે હુસૈન કરો છો. હું જોઇ રહયો છુ કે આપની પાસે તો માલે દુનિયાથી કાંઇ આટલુ બઘુ નથી.

તે વૃધ્ધ માણસ કે જેમનું નામ આગા માશાઅલ્લાહ હતું. તેણ કહ્યુ કે આ ઈમામ હુસૈન અ.સ.નો કરમ છે. આની પાછળ ખુબ મોટી દર્દભરી દાસ્તાન છે, તેણે કહેવાનું શરૂ કર્યું.

જયારે હું જવાન હતો. મારા પિતાનો ઈન્તેકાલ થઇ ગયો. હું અને મારી વૃધ્ધ માતા ઘરમાં હતા. અચાનક હું બિમાર પઢી ગયો. મારા શરીરમાં અસંખ્ય ઝખ્મો થઇ ગયા. જેમાંથી લોહી અને પરૂ (રસી) નીકળતા હતા. ૬ મહિના સુધી હોસ્પીટલમાં ઈલાજ કર્યો પરંતુ સારૂ ન થયું. ડોકટરોએ હાથ ઉચા કરી દીધા અને મારી માતાને કહ્યુ કે તમારા દિકરાની બિમારીનો કોઇ ઈલાજ અમારી પાસે નથી. તમે તેને ઘરે લઇ જાવ અને તેને બધાથી અલગ રાખજો નહીંતર તેની બિમારીનો ચેપ બીજાને લાગશે. બિમારીનાં કારણે મારા પગ ભી ચાલ્યા ગયા. હું ચાલી પણ નહોતો શકતો. મારી માતા મને મુશ્કેલીથી ઘરે લઇ આવી. ઈરાનમાં ઘરમાં નીચે ભોયતળીયે રૂમ હોય છે. મને મારી માતાએ તે રૂમમાં રાખી દીધો. બિમારીનાં કારણે

લોકોએ મને મળવાનું પણ બંધ કરી દીધુ. છ મહીનાથી મારી માતા મારી સારવાર કરતી હતી.

મોહર્રમ મહીના આવવામાં ૩ દિવસ બાકી હતા. મારી માતા રડી રડીને દુઆ કરી રહી હતી. અઝાદારી અને મજલીસમાં જવાની મારી માંને ખુબ તમન્ના હતી. તેણે રડતા રડતા દુઆ કરી કે અય અલ્લાહ કાં તો તું મારા ફરઝંદ શિફા આપી દે કે જેથી હું અને તે બંને મજલીસમાં જઈ શકીએ અને કાંતો એ અલ્લાહ તું મારા ફરઝંદને મૌત આપી દે. આ હાલતમાં હું તેને છોડીને મજલીસમાં નહી જઈ શકુ. હું પણ મારી માતાના ઝુમ્લા સાંભળી રડીને દુઆ કરવા લાગ્યા. અય અલ્લાહ તું મને શિફા આપી દે અથવા મૌત આપી દે. મારી વૃધ્ધ માતા મારી સારવાર કરીને થાકી ગઈ છે. મે રડતા રડતા ઈ.હુસૈન અ.સ.ની બારગાહમાં કહ્યુ મૌલા હુસૈન તમે મને શિફા આપો. હુ નઝર (મન્નત) કરૂ છું કે અગર મને શિફા મળી ગઈ તો હું દસ દિવસ દર વર્ષે મજલીસે અઝા કરીશ. હું રડતો રડતો સુઈ ગયો.

રાત્રે સ્વપનમાં મે જોયું કે ઈ.હુસૈન અ.સ. ખુદ સીડીઓ ઉતરીને મારી પાસે આવ્યા. મારો પુરો રૂમ તેમના નુરથી મુનવ્વર થઈ ગયો. તેમણે મને કહ્યું કે હું તને શિફા આપવા આવ્યો છું. મે કહ્યું આપ કોણ છો ? તેમણ કહય હું એજ હુસૈન છુ જેની મજલીસ માટે તે મન્નત માની હતી. તેમણે મને કહ્યુ ઉભો થઈ જા. મે કહ્યુ હું પગ પણ મુકી નથી શકતો. તેમણે કહ્યુ યા હુસૈન કહીને ઉભો થઈ જા. મને શિફા મળી ગઈ. તેમણે મને ગળે લગાડયો. મે કહ્યું કે મૌલા હું દસ દિવસ આપના માટે મજલીસે અઝા કરીશ. ઈમામે કહ્યું દસ નહી અઢાર દિવસ. તને ખબર છે ને કે મારી માતા કેટલા વર્ષની ઉમરે શહીદ થયા? ૧૮ વર્ષની ઉમરે. તું અને હું આપણે બંને સાથ મળીને ૧૮ દિવસ મજલીસ કરીશું. દસ મજલીસ તારા તરફથી, અને આઠ મજલીસ મારા તરફથી આપણે બંને ભેગા મળીને મજલીસે અઝા કરીશું.

મને શિફા મળી ગઈ મે મારી માતાને કહ્યુ તે પણ ખુશ થઈ કે મૌલા હુસૈને મારા દિકરાને શિફા

આપી. મોહર્રમને એક જ દિવસ બાકી હતો. બિમારીનાં કારણે મારો કામ ધંધો બંધ હતો. ઘરમાં બિમારીના કારણં કશું જ બચ્યુ ન હતું. મને થયુ કે હું કેવી રીતે મજલીસે અઝા કરીશ. મે મારાથી થાય તેટલો મજલીસે અઝા માટે બંદોબસ્ત કર્યો. ચાંદ રાત થઇ ગઇ. કોઇએ મારા ઘરનો દરવાજો ખખડાવ્યો. મે દરવાજો ખોલ્યો તો દરવાજે આવનાર મોઅમીને કહ્યુ કે મે સાંભળ્યુ છે કે તમે મજલીસ કરવાના છો. હુ ચાવલનો વેપારી છું. તમારે ન્યાઝમાં જેટલા ચાવલ જોવે તે મારા તરફથી. થોડી વાર થઇ તો બીજો એક માણસ આવ્યો. મજલીસની ન્યાઝમાં દરરોજ ગોશ્ત મારા તરફથી. એક માણસે આવીને કહ્યુ કે આગા શરબત મારા તરફથી. મને થયું કે મે તો હજુ કોઇને કહ્યુ નથી કે કાલથી મારા ઘરે ૧૮ દિવસ મજલીસ છે. આ ઇ.હુસૈનનો કરમ હતો એક દિવસ નહી પરંતુ પુરા ૧૮ દિવસ ન્યાઝમાં લોકોએ તમામ ચીજો આપી અને બેહતરીન ન્યાઝે હુસૈન થઇ, ત્યારથી આ જ સુધી મારી જવાનીથી મારી વૃધ્ધા વસ્થા સુધી દર વર્ષે લોકો આવે છે અને ન્યાઝની

વ્યવસ્થા કરે છે. આ ન્યાઝનું દસ્તરખ્વાન ઇ.હુસૈન અ.સ.ની કરમ અને અતા છે.

આવા કરીમ ઇમામને કરબલાના મૈદાનમાં ભુખ્યા અને પ્યાસા શહીદ કરી દેવામાં આવ્યા. આપ આજે જ.કાસીમ અ.સ.નાં મસાએબ સાંભળવા ભેગા થયા છો. આજ સાતમી શબે મોહર્રમ છે.

અય મૌલા કાસીમ આપકો શહાદત ભી મુબારક હો ઔર સુન્નતે ફાતેમાં ભી ! જીસ તરહ ફાતેમાકી પસલીયા તુટ ગઇ થી. વૈસે કાસીમકી પસલીયા. યે વો શહીદ હૈ, જીસને ઇ.હુસૈન અ.સ. કે મસાએબ મે ઐસા સાથ દીયા હૈ, જૈસા કોઇ શહીદ નહી હૈ, ઇ.હુસૈન અ.સ. કી લાશ કો પામાલ કર દીયા ગયા તો કાસીમ ભી પામાલ હો ગયે. હા ઇતના ફર્ક હૈ મૌલા હુસૈનકી લાશ આપકી શહાદત કે બાદ પામાલ હુઇ ઔર કાસીમ જીદંગી મે હી પામાલ હો ગયે. કાસીમ આવાઝ દેતે જાતે હૈ, અમ્મુ અદરીકની અમ્મુ અદરીકની. મૌલા હુસૈન કાસીમ કી મદદ કો દૌડે, લેકીન ફૌજ ડર કે મારે

ભાગી. ઈધર કે ઘોડે ઉધર, ઉધર કે ઘોડે ઈધર, કાસીમકા બદન જીંદગી મે પામાલ હો ગયા.

શબે આશુર જબ ઈમામ હુસૈનને શહીદોકી ફેહરીસ્ત પડી ઔર કાસીમ કા નામ નહીં બોલે તો કાસીમ ખડે હો ગયે ઔર બોલે મૌલા કયા મેરા નામ શહીદો કી ફેહરીસ્ત મે નહીં હૈ. મૌલાને પુછા કે તુમ મોત કો કૈસા મહસુસ કરતે હો. કાસીમને કહા શહદસે ઝયાદા શીરી. મૌલા હુસૈનને કહા કાસીમ તુમ્હારા ભી નામ હૈ ઔર તુમ્હારે ભાઈ અલી અસ્ગર કા ભી નામ હૈ. કયાં અશ્કીયા ખૈમે મે આ જાએગે. નહીં મે અલી અસ્ગર કો લે કે મૈદાન મે જાઉંગા. કાસીમ બાર બાર આતે થ ઔર મરનેકી ઈજાઝત માંગતે થ. લેકીન મૌલા કહેતે થ કે તુમ તો મેરે ભાઈ કી નિશાની હો. કાસીમ યતીમ હૈ મૌલા મરનેકી ઈજાઝત નહી દેતે. મા કે પાસ આયે ઔર કહને લગે કે મૌલા મુજે મરનેકી ઈજાઝત નહી દેતે. માં ને કહા તુજે યાદ હૈ તેરે વાલિદ કા આખરી વકત થા તો તેરે બાજુ પર એક તાવીઝ બાંધા થા. લોગ બચ્ચેકો તાવીઝ ઈસ લીયે બાંધતે હૈ કે બચ્ચા બચ

જાયે. હસનને તાવીજ ઇસ લીએ બાંધા કે મેરા બચ્ચા શહીદ હો જાએ. તાવીઝ ખોલા તેહરીર થી. યે તેહરીર હૈ હસન ઇબ્ને અલી કી તરફસે હુસૈન ઇબ્ને અલી કે નામ ભાઇ મે કરબલામાં મૌજુદ ન હુગા, મેરે તરફસે કાસીમ કો મરને કી ઇજાઝત દેના. મૌલા હુસૈનને ભાઇકી તેહરીર કો ચુમા. કાસીમ કો ગલે લગાયા ઓર ચચા-ભતીજે ઇતને રોયે યહા તક કે ગશ સે ગિર ગયે. કરબલામે પાની તો ન થા જ.ઝયનબે કુબરા કે આંસુ બહે, આંસુકે કતરે ગીરે. હોશમે આયે. કાસીમ કા ગિરેબાન ચાક કીયા. ઇજાઝત દી. શાયદ કીસીકો રહમ આ જાયે હસન કે યતીમ બચ્ચે પર. બહાદુરી સે જંગ કી અઝરકે શામી જો બડા પહેલવાન થા ઉસકે સાત બેટે થ એક કે બાદ એક લડને આયે સબકો જહન્નમ વાસીલ કીયા. બાદમે અઝરકે શામી જંગકે લીએ કાસીમકે સામને આયા. બડે ગુસ્સે મે થા. સૈરો સૈરાબ થા. કાસીમ છોટે થ ભુખે ઔર પ્યાસે થ. લેકીન મૌલા અબ્બાસ કે શાર્ગીદ થ. જંગ કરના મૌલા અબ્બાસને

સીખાયા થા અઝરકે શામીકો ભી જહન્નમ વાસીલ કર દીયા.

દુશ્મનોને નીદા દી યે અલીકા પૌતા હૈ ઈસે ઘેર કર માર દો. હર તરફ સે હમલે હોને લગે. ભુખા-પ્યાસા કાસીમ કૈસે લડતા. ઘોડેસે ગિર પડે. આવાઝ દી અમ્મુ અદરીકની, ચચા મેરી મદદ કો આવો. એક તરફસે હુસૈન દૌડે, ફૌજ ડર સે ભાગી. કાસીમ જીંદગી મે પામાલ હો ગએ. ઘોડોકી ટાપો સે કાસીમ કા બદન પામાલ હો ગયા. ઈમામ લાશે કો કૈસે ઉઠાયે ? અબાકા દામાન ફૈલાયા કાસીમ કે લાશ કે ટુકડો કો અબામે રખ્ખા. કાસીમ કો લે આયે. કહતે થ બેટા કાસીમ! તેરા ચચા શરમીંદા હૈ, મદદ કો પહોંચ ન સકા. લઅનતુલ્લાહે અલલ કવમીઝ ઝાલેમીન.

## મજલીસ – ૮

મૌલા અબ્બાસ (અ.સ.) ની હાઝરીનો મોઅજીઝો અને હઝરત અબ્બાસ અ.સ.ના મસાએબ.

બીસ્મીલ્લાહીર રહમાનીર રહીમ.

નજફે અશરફમાં એક આલીમે દીન, દર વર્ષે ૮ મોહર્રમના હઝરતે અબ્બાસ (અ.સ.)ની હાઝરી કરતા હતા (અલ્લાહ બધા મોઅમેનીનને હઝરત અબ્બાસ અ.સ.ની હાઝરી કરવાની તૌફીક અતા કરે) તે આલીમે દીનનો ઈન્તેકાલ થઈ ગયો, જયારે તેઓનો ઈન્તેકાલ થયો ત્યારે તેઓ બહુંજ કર્ઝદાર હતા. તેમના જે ફરઝંદ હતા, તે પણ આલીમે દીન હતા. તેઓ પોતાના વાલિદના કર્ઝ અદા કરવામાં જ રહી ગયા ત્યાં સુધી કે માહે મોર્હરમ આવી ગયો.

તે મરહુમ આલીમે દીનનો એક ખાસ રસોયો હતો, જે દર વર્ષે હાઝરી માટે ખાવાનું બનાવતો. તેણે કહયુ 'અય સૈયદ' શુ થયું ? તમે મને હાઝરી માટે શા માટે હજુ સુધી ખાવાનું પકાવવાનું કહયું નથી ?તે આલીમે દીને કહયું કે અમારા પર હાઝરી રાખવી રાખવી

વાજીબ નથો અને કોઈ અમારી મન્નત પણ નથો. મારી વાલિદ પાસે પૈસા હતા એટલે તેઓ હાઝરી રાખતા હતા. મારી પાસે પૈસા નથો એટલે હું હાઝરી નહિ રાખી શકુ તે રસોયા એ કહ્યું ‘‘હઝરત અબ્બાસ (અ.સ.) માટે પોતાનું દીલ નાનુ ન કરો (હિમ્મત ન હારો) ’’ તે આલીમે દીન કહે છે કે એક દિવસ મારી પત્ની એ પણ કહ્યું કે શું થયું હાઝરી માટે તૈયારી નથો કરી રહ્યા? મે મારી પત્નીને પણ કહી દીધું કે આ વખતે પૈસા નથો વાલીદ પાસે પૈસા હતા એટલે તેઓ હાઝરી રાખતા, મારી પાસે પૈસા નથો એટલે હું હાઝરી નહીં રાખીશ મારી પત્નીએ પણ તે જ જુમ્લા કહ્યા મૌલા અબ્બાસ (અ.સ.) માટે પોતાનું દીલ નાનુ ન કરો ‘હઝરત અબ્બાસ (અ.સ.) પ્રત્યે મારી પત્નીનો આ નઝરીયો છે અને એક જાહીલ રસોયાનો પણ ‘હઝરત અબ્બાસ (અ.સ.) પ્રત્યે આ નઝરીયો છે, તો હું તો આલીમે દીન છું, મારે હઝરત અબ્બાસ (અ.સ.) ની હાઝરી માટે હિમ્મત ન હારવી જાઈએ. મે ફેસલો કર્યો કે કંઈક ઈન્તેઝામ કરીશું મૌલા અબ્બાસની હાજરી રાખીશું.

એક ચાવલની મોટી કંપની કે જે એક મોઅમીનની મીલ્કીયતમાં હતી. તેની એક એજન્સી ચોગાનું ચોગ નજફે અશરફમાં મૌજુદ હતી. મે વિચાર્યુ કે બીજી દુકાને ચાવલ ખરીદવા માટે જઈશ તો મોંઘુ પડશે. તે એજન્સીમાં જઈશ તો કદાચ સસ્તું મળી જશે. તે આલીમે દીન કહે છે કે જયારે હું તે એજન્સીમાં પહોચ્યો તો તે કંપનીનો માલીક બગદાદથી ત્યાં આવ્યો હતો. જો કે મારા વાલિદ આલીમે દીન હતા એટલે તે માલીક મને ઓળખી ગયો કે હું ફલાણા આલીમે દીનનો ફરઝંદ છુ. તે માલીકે કહ્યુ આવો જનાબ શા માટે આવવાનું થયું ? મે કહ્યું કે ૮ મોર્હરમના હઝરત અબ્બાસ (અ.સ.)ની હાજરી અમારે ત્યાં થાય છે. મે વિચાર્યુ કે બીજી દુકાનો કરતા તમારે ત્યાંથી હાઝરી માટેના ચાવલ સસ્તા પડશે એટલે હું આવ્યો છું. તેણે કહ્યું સારૂ થયું તમે આવ્યા. કેટલા ચાવલ જોવે છે ? મે કહ્યું ચાર કિવન્ટલ. તે કંપનીના માલીકે તેના મેનેજરને કહ્યું કે એક રજીસ્ટર લાવો અને

ચાર ક્વિન્ટલ ચાવલ હઝરત અબ્બાસ (અ.સ.)ના નામ પર આ મૌલાના સાહેબના ઘરે પહોંચાડી દો.

હવે લાકડીઓ ભેગી કરવાની હતી અને એક મોટી અગાસી ઉપર ખાવાનું પકાવવાનું હતુ. જેમ તેમ લાકડીઓ ભેગી કરી. હવે લાકડીઓને અગાશીમાં પહોંચાડવાની હતી, એટલી હૈસીયત ન હતી કે મઝદુરો રાખીને તે લાકડીઓને અગાસીમાં પહોચાડે. અંતે તે આલીમે દીન અને તેના ફરઝંદે મળીને લાકડીઓ અગાસીમાં પહોંચાડી રહયા હતા કે એટલામાં જોયુ કે અમુક લોકો દુમ્બો લઈને આવી રહયા હતા. તે આલીમે દીન કહે છે તે લોકો મારા ઘરના દરવાઝા પાસે આવ્યા અને પુછયું ફલા સાહેબનું ઘર કયાં છે ? હું અંદર ગયો અબા અમામો પહેરીને આવ્યા હુ જ તે છું. મે કહયું ફરમાવો. તે લોકોએ કહયું અમે કરબલા નજીકના ગામના રહેવાસી છીએ, દર વર્ષે અમે ૮ મોર્હરમના હઝરત અબ્બાસ (અ.સ.)ના હાઝરી રાખીએ છીએ. આ વર્ષે જયારે અમે હજી દુમ્બો લઈને કરબલા પહોચ્યા હતા ત્યા તો કોઈએ કહયુ અહીયા તો હઝરત અબ્બાસ

(અ.સ.)ને તમારા દુમ્બાની શું જરૂર છે કે તમે તે અહીં લાવ્યા છો તમે નજફે અશરફ ચાલ્યા જાવ, ફલા આલીમે દીનના ઘરે જયા દર વર્ષે હાઝરી થાય છે. તેને આ દુમ્બાની જરૂર છે. ત્યાં પહોંચાડી દો. તે શખ્સના કહેવા પ્રમાણે અમે લોકો આ દુમ્બો લઈને અહીં આવ્યાો છીઅ.

તે આલીમે દીન અલ્લાહ તઆલાનો શુક્ર અદા કર્યો. તે લોકોએ પોતાના ખિસ્સામાંથી એક કવર કાઢયું અને તે આલીમે દીનને આપ્યું. તે આલીમે દીને કહયું આ શું છે ? તે લોકો એ કહયું દુમ્બાને પકાવવા માટે મસાલા, બાવરચીને આપવા માટે પૈસા અને બીજા ખર્ચાઓ માટે આ કવર છે.

તે આલીમે દીન કહે છે કે તે લોકો આ બધી વસ્તુ આપીને ચાલ્યા ગયા. મારાથી બરદાશ્ત ન થયું. મે ત્યાં જ ઉભા રહીને કરબલાનો રૂખ કર્યો અને કહયુ સદકે જાઉ યા મવલા યા અબુલ ફઝલીલ અબ્બાસ. આ પુરો મંઝર તે બાવરચી જોઈ રહયો હતો. તે બાવરચો કહેવા લાગ્યો કે અય સૈયદ અત્યાર સુધી તમે

કહેતા હતા કે હાઝરી માટે ઈન્તેઝામ કેવી રીતે થશે, હવે તો ખુદ હઝરત અબ્બાસ (અ.સ.) એ હાઝરી માટે ઈન્તેઝામ કરી આપ્યો છે.

આ છે હઝરતે અબુલ ફઝલીલ અબ્બાસ (અ.સ.) બાબુલ હવાએઝ હાજતોના દરવાજો. યકીનન જ કોઈ મૌલા અબ્બાસના દરવાજેથી માંગે છે તે કયારેય ખાલી હાથ નથી જતો. આવા કરીમ મૌલા અબ્બાસ અ.સ. પર કરબલામાં કેવા ઝુલ્મો સીતમ થયા. (મૌલાના વસી હસન ખાન સાહેબની મજલીસમાંથી).

આયતુલ્લાહ શમ્શુદદીન, એક આલીમથી બયાન કરે છે : નજફનો એક કબીલો હતો, તે કબીલાનો એક દોલતમંદ માણસ હતો. તેનો એક દિકરો હતો કે જે સખ્ત બીમાર થઈ ગયો. એટલે તે છોકરાની માતાએ હ.અબ્બાસ (અ.સ.) થી તવસ્સુલ કર્યું.

તે આલીમ કહે છે, જયારે હું કરબલા રાત્રે હરમમાં ગયો તો હરમ બંધ થઈ ગયો હતો. હું ચાલ્યો

ગયો અને સુઇ ગયો જયારે હું સુતો તો મે ખ્વાબમાં જોયું કે ઇમામ હુસૈન (અ.સ.) નું હરમ છે. હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) પણ તશરીફ ફરમાવી રહયા છે. હઝરત અમીરૂલ મોઅમેનીન (અ.સ.) પણ છે. મેં જોયું કે તે સમયે એક નુરાની જવાન આવ્યો અને તેણે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)નો ખીદમતમાં કહયું કે ગાઝી અબ્બાસ (અ.સ.)એ એક જવાન છોકરા માટે શીફારીશ કરી છે, કે તેને તંદુરસ્તી અતા કરે.

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું કે આ જવાન છોકરા નો સમય પૂરો થઇ ગયો છે, તે આલીમ કહે છે. તે જવાન પાછો ગયો અને પાછો ફરીથો આવ્યો અને કહયું કે ગાઝી અબ્બાસ (અ.સ.)એ કહયું કે આપ (સ.અ.વ.) તે જવાન છોકરા માટે ખુદાવંદે આલમથો દુઆ કરે, કે જેથો તે જવાન છોકરાને તંદુરસ્તી મળે.

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરીથો તે જ જવાબ આપ્યો કે આ જવાન છોકરાનો સમય પ્રો થઇ ગયો છે.

તે આલીમ કહે છે ત્રીજી વખત હઝરત અબ્બાસ (અ.સ.) ખુદ આવ્યા, પણ હ.અબ્બાસ (અ.સ.) નું આવવાનું કેવી રીતે હતું ? તેના બાજુઓ કલમ થઇ ગયેલ હતા, તેમની આંખો પર તીર લાગેલ હતા, ખુન વહી રહયું હતું એ જ હાલતમાં હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ની ખીદમતમા કહયું, યા રસુલુલ્લાહ : અલ્લાહ મને બાબુલ હવાએજ શા માટે બનાવ્યો છે ? કાં તો અલ્લાહ મારાથી બાબુલ હવાએજ નો લકબ લઇ લે કાં તો આ જવાન છોકરાની માતા મારાથી તવરસુલ કરે છે તેને શીફા અતા કરે.

જયારે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ આ જોયું તો કહયું યા અલી હું ખુદાની બારગાહ માં દુઆ કરૂ છું, આપ આમીન કહેજો આ બધું થયું પછી હ.અબ્બાસ (અ.સ.) ચાલ્યા ગયા.

તે આલીમ કહે છે, હું બેદાર થયો, હરમમાં ગયો સવારનો સમય હતો મે પૂછયું કે હરમમાં કોઇ છે ? મને જાણવા મળ્યું કે હરમમાં એક બીબી છે. જે આ જવાન છોકરાની માતા હતી. હું હરમની અંદર ગયો અને મે તે

ખાતુનને કહયું જાવ, ગાઝી અબ્બાસ (અ.સ.)એ તમારો છોકરાને શિફા આપી છે.

(મૌલાના નુસરત બુખારી સાહેબની મજલીસમાંથો)

આજે આપણે મૌલા અબ્બાસનાં મસાએબનો ઝિક્ર કરીશું.

હુસૈન (અ.સ.) ને મૌલા અબ્બાસ કા રૂખસત કીયા ઔર રૂખસત કર કે બૈઠ ગએ હુસૈન (અ.સ.). અબ્બાસ (અ.સ.) મૈદાનમે ગએ, લડે, ઝખ્મી હુવે. શાને કલમ હુવે, આંખોંમે તીર લગા, મશકીઝા પર તીર લગા, પાની બહા, સર પર ગુરઝ પડા, તૈવરાકે ઝમીન પર ગીર પડે, આવાઝ દી, આકા અપને ગુલામકી ખબર લીજીએ. અબ્બાસ (અ.સ.) કી જબ આવાઝ આઇ તો હુસૈન (અ.સ.) ને કહા, અબ્બાસ (અ.સ.), તેરે મરનેને મેરી કમર તોડ દી, અબ્બાસ (અ.સ.) તેરે મરનેકે બાઅદ મેરે લીએ તદબીરકી રાહેં બંદ હો ગઇ. અબ્બાસ (અ.સ.) તુમ્હારે બાઅદ ઝોઅફ મહેસુસ કર રહા હું. મેરી કુવ્વત અબ્બાસ (અ.સ.), તુમ કહાં ચલે ગએ? ચલે હુસૈન (અ.સ.) ચલતે ચલતે હુસૈન

(અ.સ.) રૂક ગએ. રૂકકે કહા, અકબર અરે મેરે ભાઈકા કટા હુવા હાથ ઝમીન પર પડા હૈ, અકબર (અ.સ.) ઉતરે ઔર અબ્બાસ (અ.સ.) કે કટે હુવે હાથોંકો ઉઠાયા, હુસૈન (અ.સ.) ને કલેજેસે લગાયા. થોડી દૂર ઔર આગે ચલે કે એક મરતબા ફીર હુસૈન (અ.સ.) રૂક ગએ. દૂસરા હાથભી સામને આ ગયા થા. દોનોં હાથ ઉઠા લીએ અકબર (અ.સ.) ને, દોનોં હાથ લાકે દે દીએ. હુસૈન (અ.સ.) ને દોનોં હાથોંકો કલેજેસે લગા લીયા. બાપ બેટે ચલતે રહે, વહાં પર પહોંચ ગએ જહાં ઝમીન પર અબુ તુરાબ (અ.સ.) કા બેટા અબ્બાસ અલમદાર (અ.સ.) ઝમીન પર આરામ કર રહા થા, કૈસે?

શાને નહી હૈ, સર ટૂકડે ટૂકડે હૈ, સરસે ખૂન બહા હૈ, આંખોંમે ખૂન જમ ગયા હૈ, એક આંખમે ખૂન જમ ગયા હૈ, એક આંખમે તીર લગા હુવા હૈ. હુસૈન (અ.સ.) ઘોડેસે ઉતરે. હુસૈન (અ.સ.) કૈસે ઉતરે, મેરે પાસ તસવ્વુર નહીં હૈ, મેરે પાસ અલ્ફાઝ નહીં હૈ. મૈં નહીં સોંચ સકતા હું કે જબ હુસૈન (અ.સ.) ઘોડેસે

ઉતરે હોંગે તો કૈસે હાથોંકો સંભાલા હોંગા અબ્બાસ (અ.સ.) કે ? કૈસે અપને કલૈજેકો સંભાલા હોંગા, ઔર કૈસે અપની નીગાહકો સંભાલ ક અપને ઝખ્મી અબ્બાસ (અ.સ.) કો દેખા હોંગા ? ઔર જબ ઝખ્મી અબ્બાસ (અ.સ.) કો દેખા હોંગા તો પૂરી તારીખ યાદ આ ગઇ હોંગી. હુસૈન (અ.સ.) બૈઠ ગએ, બૈઠકે કહા, અબ્બાસ (અ.સ.)

બસ, ઉસ લફઝમે દર્દકી સારી દુનિયા જમા થી. એક મરતબા અબ્બાસ (અ.સ.) ને કહા, માલા (અ.સ.) ઝીન્દગી કી આખરી તકલીફ દેના ચાહતા હું. અગર મેરે હાથ સલામત હોતે તો ના દેતા તકલીફ.

મરનેસે પહેલે આકા એક મરતબા આપકો દેખના ચાહતા હું. હાથ કટ ગએ હૈં, શાને કલમ હો ગએ હૈં, એક આંખમે તીર હૈ, એક આંખમે સરકા ખૂન જમા હૈ. બસ, મેરે આકા, તકલીફ કીજીએ. જેબસે રૂમાલ નીકાલીએ, ખૂન સાફ કર દીજીએ. મરનેસે પહેલે મૈં એક મરતબા આપકા રૂએ અનવર દેખ લું. મૈં આપકા

ચહેરા મુબારક દેખ લું, આપકી ઝીયારત કર લું ઔર દમ તોડ દું.

હુસૈન (અ.સ.) ને ખૂન સાફ કીયા. અબ્બાસ (અ.સ.) ને આંખેં ખોલી. બસ, એકહી મેરે પાસ જૂમલા હૈ ઔર વો જુમલા યે હૈ, કે અબ્બાસ (અ.સ.) ને આંખ ખોલી તો હુસૈન (અ.સ.) કી આંખોંસે આંસુઓંકી બરસાત શુરૂ હો ગઈ. શેર મુસ્કુરાયા, મુસ્કુરાકે દમ તોડા ઔર દમ તોડતે તોડતે કહા, મૌલા (અ.સ.) બસ, એક કામ કીજીએગા. મેરા સર અપને કદમોંમે રહેને દીજીએંગા, મેરા સર અપની ગોદીમે ના રખીએંગા. હુસૈન (અ.સ.) ને કહા, મેરે ભાઈ, મૈંને તો હર શહીદકા સર અપની ગોદમે રખ્ખા હૈ, તુમ્હારા સર ગોદે કયું ના રખ્ખું ?

કહા, મૌલા (અ.સ.) કદમોંમે રહને દીજીએ. અરે મુજે યે તસવ્વુર બેચૈન કર રહા હૈ. આપ મેરા સર ગોદમે રખ લેંગે. મગર જબ શીમ્રકા ખંજર ચલ રહા હોંગા, મેરે ઈમામ (અ.સ.) કે સરકે નીચે કીસીકી ગોદ ના હોંગી, અબ્બાસ (અ.સ.) ને દમ તોડ દીયા. હુસૈન

(અ.સ.) માતમ કરતે રહે, અલમ લે કે પલટે. ખયામમે કોહરામ મચ ગયા. વા અબ્બાસા, વા અલીય્યા, વા મુસીબતા, વા ગુરબતા, વા હુસૈના, વા હુસૈના.

સયાઅલમુલ્ લઝીના ઝલમુ અય્યા મુન્કલેબીય યન્કલેબુન.

# મજલીસ – ૯

## ગુનેહગારની તૌબા અને નજાત

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું : ઈન્નલ હુસૈન મીસ્બાહુલ હોદા વ સફીનતુન નજાત. બેશક ઈમામ હુસૈન (અ.સ.) હિદાયતના ચિરાગ અને નજાતની કિશ્તી છે. અગર કોઈ ઇ.હુસૈન (અ.સ.) ના દરવાજા પર આવે છે, અઝાદાર છે તો પછી અઝાદારની ઇ.હુસૈન (અ.સ.) હિદાયત કરે છે અને એક અઝાદાર જયારે તૌબા કરે છે તો તે નજાત મેળવે છે. આવો આપણે એક વાકેઓ સાંભળીએ (સલવાત)...

તેહરાનમાં એક મોટી શેરી છે. જેનું નામ દોલતાબાદ છે. દોલતા બાદ બહું જ મોટી જગ્યા છે. એટલી મોટી જગ્યા છે કે જે સમયનો આ વાકેઓ છે. (લગભગ આજ થી ૫૦ વર્ષ પહેલાનો વાકેઓ) તે સમય માં દોલતાબાદની જે અંજુમન હતી તેમા ફકત જવાન ની સંખ્યા ૫૦૦૦ જેવી હતી. એક મજલીસ માં આશરે ૧૨૦૦૦ નો મજમો બેસતો હતો. તે જગ્યા પહોળાઈમાં  ચારેય બાજુઓથી વિશાળ હતી આ

દોલતાબાદમાં એક એવો માણસ હતો કે જેનું નામ ‘‘કાસીમ’’ હતું. તેન એક ગોશ્તની દુકાન હતી આના કારણે તે ‘‘જીગરકી’’ કહેવામાં આવ્યો.

‘‘કાસીમ જીગરકી’’ ની સ્થિતિ એવી હતી કે સ્પષ્ટ પણે ૨૪ કલાક માંથો ૮ કલાક તેના હાથમાં ચાકું રહેતી અને એ પણ એવી ચાકુ કે જે સારા-સારા લોકોને હલાલ કરી દે. તેના ઉપર ન જાણે કેટલા કત્લના આરોપ હતા, જાણે કેટલી ખરાબીઓ, બુરાઈઓ વિગેરે હતી ત્યાં સુધી કે જયારે શેરીમાં કોઈ બુરૂ કામ થતું તો કાસીમનું નામ જરૂર આવતું પરંતુ વ્યકિત ભલેને ગમે એટલો પસ્ત થઈ જાય, તેનામાં કોઈ ને કોઈ સારી સિફ્ત અલ્લાહ આપેલી હોય છે અને કયારે તે નેકી બુલંદી પર આવી જાય ને બુરાઈ તળીયે બેસી જાય તે ન કહી શકાય. આજ કારણે કોઈને પણ એટલો બુરો ન સમજવો જોઈએ, ખાસ કરીને જો તે એહલેબૈત (અ.મુ.સ.)ને માનવા વાળો હોય તો તેની કોઈ પણ સમયે હિદાયત થઈ શકે છે.

કાસીમના બારામાં મળે છે કે તેના અંદર ઘણી બુરાઈઓ અને ખરાબીઓ હતી, પણ ન જાણે તેની અંદર એવો જઝબો હતો કે અહીં ૨૯ કે ૩૦ ઝીલ્હજજ (માહે મોહર્રમથી એક દિવસ પહેલા) આવી કે તે ગુસ્લ કરતો પાક સાફ થતો હતો. પાક અને સાફ કપડા પહેરતો હતો. મસ્જીદમાં આવતો હતો અને આવીને નમાઝ પઢીને અલ્લાહથી કહેતો હતો કે ખુદારા! હું દુઆ કરૂ છુ કે આ ૧૨ દિવસ હું કોઈ ગુનાહ નહિં કરીશ, એટલા માટે કે હવે ઇ.હુસૈન (અ.સ.)ની અઝાદારીના દિવસો આવી રહયા છે, ન જાણે કેવો જઝબો હતો કે આ જઝબા એ તેને નજાત અપાવી.

કાસીમ શરીરમાં ઘણો જ મજબૂત અને તંદુરસ્ત હતો. ઈરાનના અલમ લાંબા નથી હોતા પણ તે પહોળા હોય છે અને આના કારણે તે વજનદાર હોય છે એટલે તેને ઉપાડવામાં મજબુત શરીરવાળો વ્યકિત જોઇએ. સ્થિતિ એવી હતી કે દોલતાબાદ માં જે અલમ ૭ તારીખે અને આશુરના દિવસે ઉપાડવામાં આવતુ તે એટલ મજબૂત હતું અને વજનદાર હતું કે કાસીમ

સિવાય બીજું કોઇ તેને ઉપાડી શકતું ન હતું. હવે તે પાક-સાફ થઇને તૌબા કરીને ઇમામ (અ.સ.) ની બારગાહ માં આવતો, એટલે કોઇ તેને આ અલમ ઉપાડવા માટે મનાઇ ન હોતું કરતું હવે અલમ સૌથી આગળ રહે. અમુક લોકો તેને સહારો દેવા માટે આગળ રહેતા પાછળ પુરો મજમો, અંજુમન, ઓલમાઓ, બુર્ઝુગો રહેતા. આ હુસૈનીય્યા અંજુમનના જવાબદાર વ્યકિતઓ કે જેની સંખ્યા સાત હતી તેઓએ મહેસુસ કર્યું કે ધીમે-ધીમે હવે જે જુલુસ ૭ તારીખના રોજ થાય છે તેમાં મજમો ઓછો થઇ રહયો છે. આશરે ૮૦૦૦નો મજમો જુલુસમાં રહેતો હતો, તેમાંથી ઘટીને ૫૦૦૦નો મજમો અને અને ઘટતા ઘટતા બહુંજ ઓછો ૧૦૦૦ નો મજમો થઇ ગયો. માહે મોહર્રમ નજીક આવી રહયો હતો. આ સાતેય જવાબદાર વ્યકિતઓએ વિચાર્યું કે આ થયું શું ? કે દર વર્ષે આપણે ત્યાંથી મજમો ઘટી રહયો છે. હવે તેઓએ જવાનોને પુછયું કે તે શા માટે અહીં હાજરી આપતા નથી ? અને શા માટે પાડોશની

શેરીની મજલીસમાં હાજરી આપો છો? આનું કારણ શું છે ?

હવે આ જવાબદાર વ્યકિતઓને એ જાણવા મળ્યું કે આ લોકોનું મજલીસમાં ન આવવાનું કારણ એક જ છે અને તે છે કાસીમ, જયારે અલમ લઈને કાસીમ આગળ-આગળ ચાલે છે ત્યારે બીજી જગ્યાના લોકોને નથી ખબર કે કાસીમ ૧૨ દિવસ માટે કેવો છે. તે લોકો તો ફકત આ ૧૨ દિવસ છોડીને બીજા દિવસોનો હિસાબ કરે છે કે જો અંજુમનનો અલમ આવા બુરા વ્યકિત પાસે હોય તો તે અંજુમનનો શું હાલ હશે ? આ જ કારણે લોકો અહીં મજલીસમાં આવતા ન હતા. હવે આ જવાબદાર વ્યકિતઓએ નકકી કર્યું કે આનો કોઈ રસ્તો કાઢવો જોઈએ અને તેનો એક જ રસ્તો છે કે કાસીમથો આ બાબતે વાત ચીત કરવામાં આવે. તે લોકો કાસીમના ઘરે ૨૮ ઝીલ્હજના રોજ તેને મળવા આવ્યા.

કાસીમ તોબા કરે (૨૯ ઝીલ્હજ) તેના એક દિવસ પહેલા. કાસીમ તેઓને એહતેરામની સાથ ઘરની

અંદર લઇ આવ્યો. કાસીમે બહુંજ અદબ અને એહતેરામથી તેઓની ખિદમત કરી. આ સમયે કાસીમ બદમાશ હતો પણ તેની એક અચ્છાઇ હતી કે તે બુઝુર્ગ લોકો સાથ અદબથી પેશ આવતો એટલે આ લોકોએ નકકી કર્યું એ આપણામાંથી બુઝુર્ગ વ્યકિત જ કાસીમની સાથ વાત કરશે.

કાસીમે તેઓના ઘરે આવવાનું કારણ પુછયું. તે સાતેય વ્યકિતઓમાંથી જ બુઝુર્ગ સફેદ દાઢીવાળા હતા, તેણે વાતચીત ચાલુ કરી. તેણે કાસીમને અમુક સવાલો પૂછવાનું શરૂ કર્યુ. તેણે પૂછયું કાસીમ ! બતાવો કે ઇમામ હુસૈન (અ.સ.) ના અઝાદારની સૌથી મોટી તમન્ના શું હોય છે ? કાસીમે જવાબ આપ્યો કે સૌથી મોટી તમન્ના એ હોય છે કે ઇ.હુસૈન (અ.સ.) માટે મજલીસો રાખવામાં આવે. તે બુઝુર્ગે પૂછયું ઇ.હુસૈન (અ.સ.) ની મજલીસ કેવી હોવી જોઇએ ? કાસીમે જવાબ આપ્યો :- ઉમદા હોવી જોઇએ. ઇમામ હુસૈન (અ.સ.) મહાન છે એટલી તેમની મજલીસ પણ બેહતરીન હોવી જોઇએ. તે બુઝુર્ગે પૂછયું બતાવો કે

ઇ.હુસૈન (અ.) ની મજલીસ ઉમદા હોવી જોઇએ. તેનો અર્થ શું? કાસીમે જવાબ આપ્યો : તેનો અર્થ એ કે તે મજલીસોમાં ઘણો મજમો હોવો જોઇએ અને સારામાં સારી ન્યાઝ કરવામાં આવે. તે બુઝુર્ગે પૂછયું જો સારામાં સારૂ જમવાનું હોય છતાં પણ મજમો ન આવે તો ? કાસીમે જવાબ આપ્યો તો તપાસ કરવામાં આવે કે મજમો કેમ નથી આવતો ? તે બુઝુર્ગે પુછયું હવે એમ ખબર પડે કે આ મજમો એક વ્યકિતના કારણે નથી આવતો તો ? કાસીમે જવાબ આપ્યો મજમાને લાવવા માટે તે વ્યકિતને બહાર કાઢી દેવામાં આવે તે બુઝુર્ગે કહયું કાસીમ તે પોતે જ કહી દીધું. કાસીમે કહયું શુ? તે બુઝુર્ગે કહયું અમે તને એ જ સમજાવવા માટે આવ્યા છીએ કે તારા એક વ્યકિતના હીસાબે ૧૨૦૦૦નો મજમો ઘટીને ૧૦૦૦ નો મજમો થઇ ગયો. કાસીમે કહયું સાચુ કહી રહયા છો? તે બુઝુર્ગે કહયુ હા. કાસીમે કહયું તો તમે શું ચાહો છો ?  તે બુઝુર્ગે કહયુ કે બે દિવસ પછી પહેલી મોહર્રમ છે, અમારી એવી ઇચ્છા છે કે આ વર્ષે ઇમામ હુસૈન (અ.સ.)ની મજલીસમાં તમે ન

આવો. આ સાંભળીને કાસીમને સદમો લાગ્યો અને તે રડતો રડતો ઘરની અંદર ચાલ્યો ગયો. આ લોકોએ પણ વિચાર્યું કે હવે કાસીમથી વધુ વાત ન કરી શકાય એટલે તેઓ પણ ચાલ્યા ગયા.

આ વાત કાસીમે પોતાની પત્ની અને બચ્ચાઓને ન બતાવી કે તે આ વર્ષે મજલીસ મા નહી આવી શકે. પહેલી મોહર્રમની શબ આવી એટલે તેની પત્ની અને બચ્ચાઓ મજલીસમાં જવા માટે તૈયાર થયા. તેની પત્નીએ તને કહ્યું ચાલો મજલીસ માં જવા માટે (હવે તે કેમ કહે કે તે મજલીસ માં નહી આવી શકે, તેને રોકવામાં આવ્યો છે) કાસીમે કહ્યું તમે જાવો, હું પાછળ આવુ છું. હવે કાસીમ અંદરથી ઘરનો દરવાજો બંધ કરીને ઉપરના રૂમમાં ગયો. તેણે પોતાના પોતાની પત્ની અને બચ્ચાઓના બધાના કાળા કપડાઓ ભેગા કર્યા પછી તે ઘરના બેઝમેન્ટમાં ગયો અને ત્યાં તેણે આ કાળા કપડાઓ લગાવી દીધા. તેણે ખુદે પણ કાળા કપડા પહેરચા. જાણે તેણે પોતાના જ ઘરમાં ઈમામનુ અઝાખાનુ બનાવી નાખ્યુ અને જેટલુ ઇ.હુસૈન

(અ.સ.) ના બારામાં તેને યાદ હતુ તે પઢતો જતો અને રડતો જતો હતો અને કહેતો હતો. આ લોકોએ મને ઈમામ બારગાહથી બહાર કાઢી દીધો છે, પણ મૌલા હું આપ (અ.)ને મારા ઘરે લઈ આવ્યો છું. હવે અહીંથી તો કોઈ મને બહાર નહી કાઢે. વારંવાર આ કહેતો હતો અને રડતો જતો હતો.

થાડીક વાર પછી તેના બચ્ચાઓ પાછા આવ્યા અને દરવાજો ખખડાવ્યો કાસીમે બેઝમેન્ટમાં તાળુ માર્યુ અને ઘરને દરવાજો ખોલ્યો આ વાત અહીં પુરી થઈ ગઈ અને મોર્હરમ પસાર થઈ રહયા હતા. એવી જ રીતે બીજી ત્રીજી અને ચોથી મોહર્રમ આવી અને તે સતત રડતો રહેતો હતો. અંતે ૫ માહર્રમ આવી અને હુસૈનીય્યાહમાં મજમો વધવા લાગ્યો કારણે કે હવે કાસીમ આવતો ન હતો અને ૭ મોહર્રમના અલમ મુબારકના જુલુસમા કાસીમ નહી આવે.

હવે જયારે પાંચમી મોહર્રમ આવી તો આ સાતેય જવાબદાર વ્યકિતઓમાંથી એક રડતો રડતો બીજા વ્યકિત દરવાજા પર આવ્યો અને દરવાજો

ખખડાવ્યો. તે બીજા વ્યકિતએ દરવાજો ખોલ્યો અને પુછયુ કે તમે શા માટે રડો છો ? પેલા વ્યક્તિએ બીજાને પુછયું તમે પણ શા માટે રડો છો? બીજા વ્યકિતએ કહયું રાત્રે મે ઈમામ હુસૈન (અ.સ.)ને ખ્વાબમાં જોયા. પેલા વ્યકિતએ કહયું પુરો વાકેઓ બયાન કરો. બીજા વ્યકિતએ કહયું નહીં હું તમને બયાન નહી કરીશ. ચાલો આપણે સાતેય ભેગા મળીએ ત્યારે બધાને આ વાકેઓ બયાન કરીશ.

જયારે આ સાતેય વ્યકિતઓ એક સાથ ભેગા થયા. એક વ્યકિતએ બીજા વ્યકિતએ ત્રીજી વ્યકિતને વાકેઓ બયાન કર્યો જાણવા મળ્યું કે બધાએ એક સાથ સાતે વ્યકિતઓએ સરખો જ ખ્વાબ જોયો. તેઓ બધાના ખ્વાબમાં ઈમામ હુસૈન (અ.સ.) આવ્યા અને ફરમાવ્યું કે તમને કોણે હક આપ્યો કે તમે મારી ઈમામ બારગાહથી કાસીમને બહાર કાઢી મુકયો, તમે જાવ અને કાસીમ પાસે માફી માંગો. મને એ દીલ જોઈએ છે જે કાસીમની દિલમા ધડકે છે.

આ સાતેય વ્યકિતઓએ નકકી કર્યું કે આપણે કાસીમના ઘરે જઈએ અને તેની પાસે માફી માંગીએ. હવે જયારે આ લોકો કાસીમના ઘરનો દરવાજો ખખડાવે છે ત્યારે કાસીમનો દિકરો આવે છે અને દરવાજો ખોલીને પુછે છે શું ખેરીયત છે? તે લોકો એ કહ્યું અમે તમારા પિતાને મળવા આવ્યા છીએ. તેના છોકરાએ કહ્યું જલ્દી ચાલો, જો તમે ચાહતા હો કે મારા પિતાને જીંદગી મળે. તે લોકોએ પુછયું શું થયુ ? છોકરાએ કહ્યું મારા પિતા નીચેના રૂમમાં છે અને પોતાનું માથ દિવાલથો એટલુ જોરથો અથડાવ્યુ કે તેમનુ માથ ફાટી ગયું છે. તે સાતેય વ્યકિતઓ કાસીમ પાસે આવે છે અને ખૈરીયત પુછે છે ત્યારે કાસીમ જવાબ આપે છે. કાસીમ કહે છે કે આજે રાત્રેમે સ્વપનું જોયું. રાત્રે ઈમામ હુસૈન (અ.સ.) મારા ખ્વાબમાં આવ્યા હતા અને આ શબ્દો ફરમાવતા હતા કાસીમ શા માટ તુ તારા દીલ નાનુ કરે છે, આ લોકો તરફથી હું તારી પાસે માફી માંગુ છુ. હવે તને અઝાખાનામાં આવતા કોઈ રોકશે નહીં. તું મારી ઈમામ બારગાહમાં આવજે, મજલીસમાં આવજે

અને અલમ પણ તુંજ ઉપાડજે. તુ પરેશાન ન થા હું સાથ છું.

આ કહેતા કહેતા કાસીમ કહે છે કે ઈમામ હુસૈન (અ.સ.) એ મારી તરફ જોયું અને પછી મને ફરમાવ્યુ કાસીમ શુ તે વાત યોગ્ય છે કે તમે મારા અબ્બાસ (અ.સ.) નો અલમ ઉઠાવો અને એ જ હાથો થી પછી ગુનાહ કરો? શુ તે વાત વ્યાજબી છે કે જે આંખોથી મારા ઉપર આંસુ વહાવો અને એ જ આંખોથી ગુનાહ કરો? શું તે વાત વ્યાજબી છે કે તમે જે પગ થી ઈમામ બારગાહ તરફ આવો અને એજ પગથી ગુનાહના કાર્ય તરફ જાઓ? શું તે વાત વ્યાજબી છે કે જે દિલમાં મારી મોહબ્બત હોય તે દિલમાં બીજા અન્યની પણ મોહબ્બત મૌજુદ હોય ? કાસીમ હું તમને મારી ઈમામ બારગાહમાં બોલાવું છું, પણ કાસીમ તમારે પોતાને બદલવું પડશે.

કાસીમ કહે છે આકા ! મને માફ કરી દો. હવે હું ગુનાહો નહી કરૂ. હવે કાસીમે માફી માંગી લીધી અને ઈમામ હુસૈન (અ.સ.) એ તેને માફ કરી દીધો.

પછી કાસીમ તે લોકોને કહે છે કે હું મારૂ માથ્
એટલા માટે જોરથી ભટકાડું છું કે મારા જેવો માણસ કે જે બહુંજ પસ્ત છે, તેને મળવા માટે ઈમામ હુસૈન (અ.સ.) આવ્યા.

હવે સાતમી મોર્હરમ છે, રાત્રે કાસીમને મજલીસમાં લાવવામાં આવ્યો. માથા પર પાંટો બાંધ્યો હતો. આખો મજમો કાસીમનો એહતેરામ કરે છે એટલા માટે કે તેણે ઈમામ હુસૈન (અ.સ.)ની બારગાહમાં તૌબા કરી છે. હવે કાસીમે ૭ મોહર્રમના અલમ ઉઠાવ્યું પણ એક વાકય કહેતો હતો. હુસૈન ! હવે જયારે આપ (અ.) એ મને તમારો પોતાનો બનાવી લીધો છે, તો મને એ દિવસે મૌત અપાવજો કે જે દિવસે આપ (અ.સ.)ની શહાદત થઈ છે. તેવી દુઆ કરી રહયો હતો.

આશુરનો દિવસ આવ્યો. તે દિવસે દુનિયાથી રૂખ્સત થઈ ગયો જયારે તેનો જનાઝો ઉઠયો ત્યારે અસ્રે આશુરનો સમય હતો અને ઈમામ હુસૈન (અ.સ.) નું જુલુસ પણ નીકળી રહયુ હતું, આગળ

ઇમામ હુસૈન (અ.સ.) નું જુલુસ હતુ અને પાછળ-પાછળ કાસીમનો જનાઝો નીકળી રહયો હતો. પુરૂ દોલતાબાદ જમા થઇ ગયું હતું. બધા જ પોતાના હાથમાં ફુલ લઇને કાસીમની લાશ પર ફુલ નાખી રહયા હતા અને કહેવામાં આવી રહયું હતુ કે તે ઇમામ હુસૈન (અ.સ.)નો અઝાદાર હતો. ઇમામ હુસૈન (અ.સ.) નો આશીક હતો.

ઇમામ હુસૈન (અ.સ.) તો આશીકનો જનાઝો જયારે અસ્રે આશુર ના સમયે નીકળે ત્યારે ચાહવા વાળા તેના પર ફુલ વરસાવે છે.

અરે! હાય કરબલા અસ્રે આશુરના સમયે જયારે જ.ઝહેરા (સ.અ.)નો લાડલો ઇમામ હુસેન (અ.સ.) પુશ્તે ઝુલ્ઝનાહ પર ડગમગી રહયા હતા ત્યારે કોઇ તલવાર મારી રહયું હતુ. કોઇ ભાલા મારી રહયુ હતુ. કોઇ તીર વરસાવી રહયું હતું.

અરે ! જેની પાસે કંઇ પણ ન હતું. તેઓ ખોળામાં પથ્થર ભરીને ઇમામ હુસૈન (અ.સ.) ઉપર મારતા હતા

ઇ.હુસૈન (અ.સ.)ની શહાદત થઇ પછી પણ ઝાલીમો એ રહેમ ન કરી. મૌલા હુસૈન અ.સ.ની લાશ ઉપર ઘોડા દોડાવવામાં આવ્યા. મૌલાના જીસ્મ મુબારકને પામાલ કરી દેવામા આવ્યું. સજ્જાદ (અ.સ.) અને જ.ઝયનબ (સ.અ.)ની નજરોથી સામે મૌલાનું જીસ્મ પાયમાલ થઇ ગયું. ખૈમામાં આગ લગાડવી દેવામાં આવી. અલા લઅનતુલ્લાહે અલલ કવ્મીઝ ઝાલેમીન (મૌલાના ઝકી હસન નુરી સાહેબની મજલીસ માંથી)

# મજલીસ – ૧૦

## જનાબે અલી અસ્ગર (અ.સ.) થી તવસ્સુલ અને શીફા

આયતુલ્લાહ શાહ આબાદી એ ફરમાવ્યું હતું કે તેમના જનાઝા પર જ.અલી અસ્ગર અ.સ.ના મસાએબ પઢવામાં આવે.

તેઓ પણ શબે જુમ્આના જયારે મસ્જીદમાં દુઆ એ કુમૈલ પઢતા ત્યારે જ.અલી અસ્ગર અ.સ.થી તવસ્સુલ કરતા હતા. ઘણા બધા બુઝુર્ગો આ દૂધ પીતા (શિર ખાર) જ.અલી અસ્ગરથી તવસ્સુલ કરતા હતા. હાજ મોહસીન હુસૈની વર્ણવે છે કે :

એક કુટુંબનો નવજવાન ફેફસાના કેન્સરની બીમારીમાં સપડાઇ ગયો. તે લગભગ એક વર્ષથી પથારીમાં હતો. ઘણા ડોકટરોની પાસે ઇલાજ માટે ગયો પણ બધાએ હાથ ઉચા કરી લીધા. અમુક ડોકટરોએ એવું નિદાન કર્યું હતું કે એક મહિનાથી વધારે તે નહિ જીવી શકે.

એક દિવસ આ કુટુંબને ત્યાં હું મળવા માટે એક મહેમાન તરીકે ગયો. ત્યાં મેં જોયું કે પુરૂ કુટુંબ જ બેચેન અને ના રાહત છે અને તેમના દિકરાની બીમારીથી શિફા મળવાથી માયુસ થઈ ગયા છે. મેં તેઓની સામે એક પ્રસ્તાવ મુકયો કે આ જવાનને આયતુલ્લાહ હકક શનાસ પાસે લઈ જવામાં આવે. કુટુંબીઓએ માયુસી અને નાઉમ્મીદીથી આ પ્રસ્તાવને કબુલ કરી લીધો.

બે દિવસ પછી આ મરીઝના ભાઈઓ તેને આયતુલ્લાહ હકક શનાસના ઘરે લઈ આવ્યા. આયતુલ્લાહ એ મને કહ્યું:

‘‘તમે અત્યારે જ.અલી અસ્ગર અ.સ.ના મસાએબ પઢો.’’

મે મસાએબ પઢવાનું શરૂ કર્યું અને આયતુલ્લાહએ ગીર્યા કરવાનું શરૂ કર્યું. પછી મનેએ રૂમાલ કે જેનાથી તેઓએ પોતાના આંસુઓ સાફ કર્યા હતા તે રૂમાલ મને આપ્યો અને મને કહ્યું.

તેઓને આ રૂમાલ આપો અને કહો કે તે રૂમાલને તે જવાનની છાતી ઉપર લગાવે હવે પછી ડોકટર પાસે જવાની જરૂર નથી.

આયતુલ્લાહએ આ વિષે વધારે વાત ન કરી. અમોએ તે રૂમાલ લઈને જવાનની છાતી ઉપર લગાડયો અને પછી ત્યાંથી બહાર નીકળી ગયા.

થોડા દિવસો પછી મેં તે જવાનને બજારમાં જોયો કે તે પોતાના કામ ધંધા માટે આવ્યો હતો. તે જવાને કહ્યું : તે દિવસે આયતુલ્લાહ સાથ મુલાકાત પછી એવો ઈરાદો કર્યો હતો કે હવે સામાન્ય જીવન તરફ પલટવામાં આવે અને ત્યારથી ડોકટર અને દવાઓને છોડી દીધી છે.

તે પછી જયારે હું આયતુલ્લાહની મજલીસ માં બીમારો માટે દુઆ કરતો ત્યારે તે જવાન માટે પણ દુઆ કરતો. મજલીસ પછી આયતુલ્લાહએ મને કહ્યું : તે જવાન કેવો સાજો થઈ ગયો :

પછી મેં જોયું કે તે મુજબ જ થયું છ. પેલો જવાન સંપૂર્ણ પણે તંદુરસ્ત થઇ ગયો છે અને તેની

બીમારી કે રોગની કોઈ અસર પણ બાકી નથી રહી. વર્ષોથી તે તંદુરસ્ત જીવન જીવી રહ્યો છે અને ઘણી વાર અમારી તવસ્સુલની મજલીસમાં અને મસાએબની મજલીસમાં હાજર પણ રહે છે. (કિતાબ અબ્દે કરીમ : શર્હે હાલે અખાલાક ઈરાફાનીએ આયતુલ્લાહ હકક શનાસ)

ઇ.હુસૈન (અ.સ.)ના મસાએબ : શબે આશુર અને રોઝે આશુર આપણે શું કરવું જોઈએ ? તેના આદબ શું છે? તેના આદાબએ છે કે કયારેય પોતાના ચહેરા પર મુસ્કુરાહટ ન લાવે, બની શકે તો ઝુલુસો અને મજલીસોમાં આસ્તીનોને ઉલટાવીન રાખે, ગમ અને સૌગવારીની કૈફીયત રાખે, આ બધીજ ચીજો વાજીબ નથી પણ એક ઈશ્કનો તકાઝો છે.જયારે કોઈ બીજા માણસને મળે તો કહે ‘‘યા હુસૈન’’ શબે આશુર અને રોઝે આશુર સિવાય આમ દિવસોમાં પણ જો કોઈ ઈમામ જાફરે સાદિક (અ.સ.)ની સામે એક વાર પણ ‘‘યા હુસૈન’’કહેતુ તો તે આખો દિવસ કોઈએ પણ ઈમામ (અ.સ.)ને હસતા નથી જોતા.

હદીસમાં છે કે ઇમામ રેઝા (અ.સ.) ફરમાવે છે : જયારે માહે મોહર્રમનો ચાંદ આવી જતો ત્યારે કોઇ પણ મારા બાબાને
આખા માહે મોહર્રમમાં હસતા ન જોતા.કરબલામાં બે લાશો એવી હતી કે જે ન ઉઠાવવામાં આવી.

૧. પહેલી હઝરત અબ્બાસ (અ.સ.)ની લાશ ખુદ હ.અબ્બાસ (અ.સ.)એ ઈમામ હુસૈન (અ.સ.)ને વસીયત કરી : અય મૌલા, મારી લાશ ન લઇ જજો, હું સકીનાની સામે શરમીંદા છું. એટલે હ.અબ્બાસ (અ.સ.)નું તાબુત નથી ઉઠાવવામાં આવતું,હ.અબ્બાસ (અ.સ.)નો અલમ ઉઠાવવામાં આવે છે. એટલે માટે કે હ.અબ્બાસ (અ.સ.)ની લાશ ઉઠાવવામાં આવી ન હતી, ફુરાત પર જ રહી ગઇ હતી.

બીજી ખુદ ઈમામ હુસૈન (અ.સ.)ની લાશએટલા માટે કે ઈમામ હુસૈન (અ.સ.) ની લાશ ઉઠાવવામાં માટે કોઈ પણ બચ્ચું ન હતું એટલા માટે જ ઝુલ્જનાહ નો એહતેરામ છે. ઝુલ્જનાહ ઈમામ હુસૈન (અ.સ.)ની શહાદતની ખબર લાવ્યો હતો. એટલે

આપણે ઝુલ્જનાહની શબીહનોએહતેરામ કરીએ છીએ. કારણ કે તેણે વફાનો હક અદા કર્યો હતો. શબે આશુર અને રોઝે આશુર, ફાંકા પછી જયારે પણ પાણી પીવો તો આ મુજબ જરૂર કહો :

““અય સકીના : આપ પર સલામ ””

““અય શેહઝાદા અલી અસ્ગર : આપ પર સલામ ””

““અય સકકાએ હરમ અબ્બાસ : આપ પર સલામ ””

રિવાયતમાં છે કે જયારે શામે ગરીબા માં થોડુંક પાણી મળ્યું ત્યારે ઇમામ ઝૈનુલ આબેદીન (અ.સ.) પાણી લઈને જ.ઝયનબ (સ.અ.) પાસે આવ્યા અને કહ્યું : ફુફી અમ્મા, પાણી પી લ્યો તો જ.ઝયનબ (સ.અ.)એ કહ્યું : બેટા સજજાદ મારો હુસૈન પ્યાસો કત્લ કરવામાં આવ્યો, મારે પાણી નથી પીવું, હું કેવી રીતે પાણી પી લવ જયારે કે હુસૈનની લાશ મકતલમાં બેગૌરો કફન છે અને તેમને પ્યાસો કત્લ કરવામાં આવ્યો છે. ઇ.સજજાદ (અ.સ.)એ કહ્યું : ફુફી અમ્મા, જરા આસ્માનની તરફ જુઓ, હવે જયારે જ.ઝયનબે આસ્માન તરફનજર કરી તો જોયું કે હવ્ઝે

કવ્સર છે અને ઇ.હુસૈન હવ્ઝે કવ્સર પાસે તશરીફ ફરમાં છે. હ.અલી (અ.સ.) ઇમામ હુસૈન (અ.સ.) પાસે આવ્યા અને કહ્યું : બેટા, હવે ઇમ્તેહાન ખત્મ થઇ ગયું, આ લે
પાણી પી લે ઇ.હુસૈન (અ.સ.)એ કહ્યું, નહી બાબા : મારે પાણી નથો પીવું. નાના હ.રસુલુલ્લાહ (સ.અ.વ.) આગળ આવ્યા અને કહ્યું : અય હુસૈન તું ૩ દિવસનો ભુખ્યો અને પ્યાસો છે,
હવે તુ કવ્સરના કીનારે છો, તુ પાણી પી લે. ઇ.હુસૈન (અ.સ.)એ કહ્યુંઃ નાના, મારે પાણી નથો પીવું. પછી ઇ.હુસૈન (અ.સ.)ની દુઃખીયારી માતા જ.ફાતેમા ઝેહરા (સ.અ.) આગળ આવ્યા અને કહ્યું : હુસૈન, અય મારા લાલ, તું પાણી કેમ નથો પીતો? ઇ.હુસૈન (અ.સ.)એ કહ્યું : અમ્માં, જયાં સુધી મારી બહેન ઝયનબ પ્યાસી છે, હુસૈન પાણી નથો પી શકતો. આ જ.ઝયનબ (સ.અ.) નો રીશ્તો છે ઇ.હુસૈન (અ.સ.)થો. ઇ.ઝૈનુલ આબેદીન (અ.સ.)એ ફરમાવ્યું : ‘‘અનબ્નો મન કોતેલ સબ્રા’’હું તેનો ફરઝંદ

છું જેને કત્લે સબ્ર કરવામાં આવ્યું. કત્લે સબ્ર કોને કહે છે ? કત્લે સબ્ર તે છે કે જાણે કે એક પીંજરૂ હોય અને તેમાં કોઇ પક્ષી હોય અને તે પક્ષીને ચારેય તરફથી ખંજર મારવામાં આવે એટલે કે ઇમામ હુસૈન (અ.સ.) પર ચારેય તરફ થી ખંજર ચાલતા હતા.

ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.) ઈમામ હુસૈન (અ.સ.)ના શરીરના અલગ અલગ ભાગોને સલામ કરે છે. ઝિયારતે નાહીયામાં તે મસાએબ બયાન થયા છે, જે ખુદ ઈમામે ઝમાના (અ.સ.)એ તેમના જદ્ ઈમામ હુસૈન (અ.સ.) માટે બયાન કર્યા છે. તેના અમુક જુમ્લાઓ નીચે મુજબ છે. ‘‘સલામ તે ઝાતે મુકદ્દસ પર જે ખાક અને ખુનમાં આલુદા હતી’’ ‘‘સલામ તેના પર કે જેના ગમમાં આસ્માનનાં ફરીશ્તાઓ રડી રહયા હતા’’

‘‘સલામ તે હોઠો પર જે ખુશ્ક થઈ ગયા હતા ’’

‘‘સલામ તે શોહદાઓ પર જેઓને ટુકડે-ટુકડે કરવામાં આવ્યા’’

“‘સલામ તે જીસ્મો પર જેની શહાદત બાદ તેમના કપડાને લુંટી લેવામાં આવ્યાં’’

“‘સલામ તે સરો પર જેને નેઝા પર બલંદ કરવામાં આવ્યા’’

“‘સલામ તે બીબીઓ પર જેમને બે-રીદા કરવામાં આવ્યા’’

“‘સલામ તે જીસ્મ પર કે જેને તેના ખુનથી ગુસ્લ દેવામાં આવ્યું’’

“‘સલામ તેના પર જેને ઘેરીને નેજાથી કતલ કરવામાં આવ્યા’’

“‘સલામ તેના પર જેની શહે-રગને બેદર્દીથી કાપી નાખવામાં આવી’’

“‘સલામ તે મુકદ્દસ દાઢી પર જે ખુનથી લાલ થઈ ગઈ’’

“‘સલામ તે દાંતો પર જેના પર છડી મારવામાં આવી’’

“‘સલામ તે શહીદ પર કે જે જયારે ઝીન પરથી જમીનમાં આવ્યા તો ન ઝીન પર હતા, ન જમીન પર હતા’’

બહુત સખ્ત છે ઇ.હુસૈન (અ.સ.)ની રૂખ્સત ઇ.હુસૈન (અ.સ.) આવ્યા રૂખ્સત માટે અને કહ્યું અય અમ્મા ફીઝ્ઝા, ખેમામાં એક સન્દુક છે, જેમા એક કુરતું છ તે લેતા આવજો. જનાબે ફીઝ્ઝા કુરતું લેવા જતી હતી કે બીબી ઝયનબની નજર પડી અને કહ્યું : મારી માતા જ.ફાતેમા ઝેહરા (સ.અ.) તો વાસ્તો, બતાવો તમે શું લઇ જાવ છો ? જ.ફીઝાએ કહ્યું, આકા હુસૈને કુરતુ મંગાવ્યું છે જ.ઝયનબએ કહ્યું આ કુરતું નથી આ હુસૈન ન કફન છે, જે તેણે મંગાવ્યું છે.

ઇ.હુસૈન (અ.સ.) લીબાસે શહાદત પહેરીને જ.સય્યદે સજ્જાદ (અ.સ.) પાસે આવ્યા. ઇ.સજ્જાદ (અ.સ.) ગશની હાલતમાં હતા. તેમને બેદાર કર્યા ઇ.સજ્જાદ (અ.સ.)એ કહ્યું બાબા, ચચા અબ્બાસ ક્યાં ગયા ? ઇ.હુસૈન એ કહ્યું : માર્યા ગયા. ઇ.સજ્જાદે કહ્યું : અલી અકબર કયા ગયા ? ઇ.હુસૈન (અ.સ.) એ કહ્યું માર્યા ગયા. ઇ.હુસૈન (અ.સ.)એ આગળ કહ્યું : બેટા, મર્દોમાં તારા અને મારા સિવાય કોઇ બચ્યું નથી.

ઇ.સજ્જાદ (અ.સ.)એ પોતાની કમર થામીને કહ્યું : અય ફુફી અમ્મા મારા સિવાય કોઇ બચ્યું નથી.

ઇ.હુસૈન (અ.સ.)એ ઇ.સજ્જાદ (અ.સ.) ને સહારો આપ્યો અને પછી કહ્યું બેટા, ઈમામત હવે તમારે હવાલે છે.

ઇ.હુસૈન (અ.સ.)એ બધી બીબીઓને સલામ કર્યા અને ખેમાંનાં દર પર આવ્યા. ઇ.હુસૈન (અ.સ.) જેવા ખેમાની બહાર નીકળ્યા. જુલ્ઝનાહ સામે નજર આવ્યો. એક સમય હતો જયારે આપ (અ.સ.) ને જુલ્ઝનાહ પર સવાર કરવા હ.અબ્બાસ (અ.સ.) આવતા, બચપનના દોસ્ત હબીબ આવતા. હવે ડાબી બાજુ અને જમણી બાજુ જોયું તો કોઇ પણ ન હતું ઇ.હુસૈન (અ.સ.)એ કહ્યું અય મારા શેરો. કયાં રહી ગયા છો? મકતલમાંથી લાશો તડપી રહી હતી. લાશો પરથી અવાજ આવી મોલા : મોતે અમને રોકી લીધા છે.

"હુસૈન જબકે ચલે બાદે દોપહર રન કો,
ન થા કોઈ કે જો થામે રકાબે તવ્સન કો,
હુસૈન ચુપ કે ખડે છે જુકાએ ગરદન કો,
સકીના થામ રહી થી અબા કે દામન કો,
ન આસરા થા કોઈ શાહે કરબલાઈ કો,
ફકત બહેનને કીયાથા સવાર ભાઈ કો."

ઈ.હુસૈન (અ.સ.) જુલ્ઝનાહ પર બેઠા. જુલ્ઝનાહ આગળ નથો વધતો. ઈ.હુસૈન (અ.સ.)એ તેની ગરદન પર હાથ રાખ્યો અને કહ્યું : અય મારા અસ્બે બા વફા, મને ખબર છે તું પણ પ્યાસો છે. બસ હવે છેલ્લી ઝહેમત તને આપું છું. જુલ્ઝનાહે નજરોથી ઈશારો કર્યો. ઈ.હુસૈન (અ.સ.)એ જોયું કે જ.સકીના (સ.અ.) જુલ્ઝનાહના કદમોથી લીપટાયેલા છે. જ.સકીના (સ.અ.) જુલ્ઝનાહને ફરીયાદ કરી રહયા હતા : અય મારા બાબાના જુલ્ઝનાહ, મારા બાબાને મકતલમાં ન લઈ જા. જ.સકીના (સ.અ.) એ ઈ.હુસૈન (અ.સ.)ને કહ્યું : બાબા, તમે જવા ચાહતા હો તો જાવ, પણ મને એકવાર સીના પર સુવરાવી દો.

ઇ.હુસૈન (અ.સ.) એ જ.સકીના (સ.અ.)એ સીના પર સુવ્રાવ્યા થોડીક વાર પછી બેદાર થયા અને કહ્યું બાબા, હવે તમારે જઉં હોય તો જાવ. ઇ.હુસૈન (અ.સ.) એ કહ્યું બેટી, હવે તમે મને કેમ મોકલી રહયા છો ? જ.સકીના (સ.અ.)એ કહ્યું : બાબા, મે ખ્વાબમાં દાદી જ.ફાતેમા ઝહેરા (સ.અ.)ને જોયા અને તેઓ કહેતા હતા. અય મારી સકીના, હુસેનને મકતલ જવા માટે ન રોક.

ઇ.હુસૈન (અ.સ.) આગળ ચાલવા લાગ્યા, જ.સકીના (સ.અ.) ફરીથો આવ્યા અને કહ્યું બાબા, છેલ્લે એકવાર મારા માથામાં એવી રીતે હાથ રાખો જેવી રીતે યતીમોના માથા પર હાથ રાખવામાં આવે છે.

ઇ.હુસૈન (અ.સ.) મૈદાને જંગમાં આવ્યા, પોતાની આસ્તીનને ઉલટાવી ઝુલ્ફેકારે હૈદરીને મ્યાનમાંથો નીકાળી. ઇ.હુસૈન (અ.સ.) જંગ લડે છે અને હુમ્લો કરે છે, ફોઝે યઝીદ ‘‘અલ હફીઝ’’ અને ‘‘અલ અમાન’’ પુકારી રહી હતી. કોઇની જુર્રત ન હતી

કે તે ઇ.હુસૈન (અ.સ.)ની સામે આવે. રજસ પઢતા હતા અને કહેતા હતા. તેની જંગ જુઓ, જે ત્રણ દિવસનો ભુખ્યો અને પ્યાસો છે.

લડતા - લડતા ફુરાતની નજીક આવ્યા ત્યા હ.અબ્બાસ (અ.સ.)ની લાશ હતો કહ્યું : અબ્બાસ, બુઢા ભાઇની જંગ જોવો, અબ્બાસ.

અસ્રે આશુરના સમયે, આવાઝે કુદરત આવી.

"અય નફસે મુત્મઅીન્નાહ, પોતાના રબની બારગાહમાં પલટ આવ એ હાલતમાં કે તું તારા રબથી રાજી છો અને તારો રબ તારાથી રાઝી છે."

ઇ.હુસૈન (અ.સ.)એ આ હુકમે ખુદાથી તલવારને મ્યાનમાં રાખી.હવે જે કોઇના હાથમાં તલવાર, કોઇના હાથમાં નેઝા, કોઇના હાથમાં પત્થર હતા, તેઓ ઇ.હુસૈન (અ.સ.)ને મારતા હતા. ઝાલીમોએ આપ (અ.સ.)ને ચારેય તરફથી ઘેરી લીધા હતા. આપનો કોઇ નાસીર અને મદદગાર બચ્યો ન હતો.

દુશ્મનોએ એટલો ઝુલ્મ કર્યો ત્યાં સુધી કે આપ (અ.સ.)ને ઘોડા પરથો જમીન પર ગીરાવી દીધા.

દુશ્મનોના ઘોડા આપ (અ.સ.)ને કચડી રહયા હતા. ઇ.હુસૈન(અ.સ.) આખરી વકત પર પોતાના બચ્ચાઓ તરફ જોઇ રહયા હતા.

શીમ્ર આપ (અ.સ.) ના સીના પર આવી ગયો. તેણે આપ (અ.સ.) ના દાઢીને પકડી અને પોતાનું કુંદ ખંજર હુસૈન (અ.સ.)ની ગરદન પર ચલાવી રહયો હતો આ મંઝર જ.ઝયનબ (સ.અ.) તીલ્લએ ઝૈનબીયાહથી જોઇ રહી હતી.

જ.ઝયનબે કહયું : અય ઉમરે સાદ, તું ઉભો જોઇ રહયો છે અને મારો ભાઇ ઝબ્હ થઇ રહયો છે.

જુલ્ઝનાહ પાછો ખેમામાં આવ્યો. જ.સકીના (સ.અ.)એ જોયુ કે જુલ્ઝનાહ આવ્યો, પણ બાબા નથી આવ્યા.

જ.સકીના (સ.અ.)એ જુલ્ઝનાહને પુછયું : અય જુલ્ઝનાહ બતાવ કે મારા બાબાને ઝબ્હ કરવામાં આવ્થા ત્યારે શું તેને પાણી પીવરાવ્યું હતું કે નહી ?

મેંદાને કરબલામાં એક અવાજ ગુંજી
અલા કદ કોતેલલ હુસૈનનો બે કરબલા
અલા કદ ઝોબેહલ હુસૈનો બે કરબલા
હાય હુસૈન કુસ્તે શુદ ............ હાય હુસૈન કુસ્તે શુદ

(મસાએબઃ મૌલાના કુમૈલ મહદવી સાહેબની મજલીસમાંથો).

# મજલીસ – ૧૧

## એક યહુદી અંધ દિકરીને શિફા અને કૈદખાનાનાં મસાએબ

રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું મસલો એહલેબૈતી કમસલે સફીનતે નુહીન, ફમન રકેબ નજા વ મન તખલ્લફ અન્હા ગરક વ હવા. રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું મારી અહેલેબૈતની મિસાલ નુહ અ.સ.ની કશ્તી જેવી છે, જે તમા સવાર થયો તેણે નજાત મેળવી, જેણે તેનાથો મોઢુ ફેરવ્યું તે ડુબી ગયો અને ભટકી ગયો. એહલેબૈતના દર પર શિફા મળે છે. હિદાયત મળે છે. એક યહુદી કેવી રીતે મુસલમાન થયો. તેનો વાકેઓ સાંભળીએ.

જનાબે સલમાને ફારસી (અ.ર.) પોતાના બગીચામાં કંઈક કામ કરી રહયા હતા. એક યહુદીનું ત્યાંથો પસાર થવાનું થયું (તે જાણતો હતો કે જનાબે સલમાન (અ.ર.) ની અઝમતને). તે કહે છે. જનાબે સલમાન (અ.ર.) મારે તમારૂ થોડુ કામ છે. જનાબે સલમાન (અ.ર.) એ કહયું શું કામ છે ? તે કહે છે મારી

બેટી અપંગ છે (અમુક કિતાબોમાં અંધ હોવાનો ઉલ્લેખ) છે. તેનો મે ઈલાજ કરાવ્યો પણ કંઈ ફાયદો થયો નહિ. અમારે ત્યા જનાબે મુસા (અ.સ.) નો વાસ્તો અલ્લાહને આપીએ છીએ, મે વાસ્તો આપ્યો પણ કંઈ પરીણામ ન આવ્યું. અય સલમાન (અ.ર.) તમો નબી (સ.અ.વ.) ના બુઝુર્ગ સહાબી છો. તમે મારા માટે દુઆ કરો, કદાચ તમારી દુઆથો મારી બેટી ને શિફા મળી જાય. જો મારી બેટીને શિફા મળી જશે, તો તમે જે કહેશો તે હું તમને આપીશ. જનાબે સલમાન (અ.ર.) એ કહ્યું પૈસાની વાત ન કરો, શિફાની ગેરેન્ટી છે. પણ મારી એક શર્ત છે તમે મુસલમાન થઈ જશો? તેણે કહ્યુ કે હા. અગર મારી દીકરી સારી થઈ જશે તો હું મુસલમાન થઈ જઈશ.

જનાબે સલમાન (અ.ર.) એ કહ્યું ચાલો તબીબ પાસે. તે કહેવા લાગ્યો કે હું ઘણા બધા તબીબ પાસે ગયો છું કંઈજ ફાયદો થયો નથી. જનાબે સલમાન (અ.ર.) એ કહ્યું હું જયાં તમને લઈ જઉ છું ત્યા ચાલો. જનાબે સલમાન (અ.ર.) તે યહુદીને હઝરત અમીરૂલ

મોઅમેનીન અલી ઇબ્ને અબીતાલીબ (અ.સ.) ના ઘરે લઈને આવ્યા. હઝરત અલી (અ.સ.) એ પુછ્યુ શું વાત છે સલમાન ? જનાબે સલમાન (અ.ર.) એ પુરો કિસ્સો સંભળાવ્યો  (શું હ.અલી (અ.સ.) ચાહતે તો દુઆ કબુલ ન થાત. પણ મૌલા આગળનું જોતા હતા) પછી ઈમામ (અ.સ.) એ ફરમાવ્યું એક વાસણ લાવો, પાણીથી ભરી દો, પાણી ભરવામાં આવ્યું. પછી ઈમામ (અ.સ.) એ ફરમાવ્યું હુસૈન અ.સ.ને બોલાવો. ઈમામ હુસૈન (અ.સ.) તશરીફ લાવ્યા. હઝરત અલી (અ.સ.) એ ફરમાવ્યું બેટા આ વાસણમાં હાથ નાખો. તે વાસણનું પાણી ઈમામ હુસૈનથી મસ્સ થયું. હઝરત અલી (અ.સ.) એ ફરમાવ્યું, આ પાણી લઈ જાવ આનાથી તેણીને નવરાવી દેજો અન્ય કોઈ બિમારી હશે તેમાંથી પણ શિફા મળી જશે. તે યહુદીએ તે મુજબ કર્યુ. અપંગ દિકરીને શિફા મળી ગઈ.

બીજા દિવસે તે યહુદી તેની છોકરીને સહીહ અને સાલીમ (તંદુરસ્ત) હાલતમાં લાવ્યો. તે યહુદી કહે છે કે અશહદો અલ્લ લાએલાહા ઈલ્લલ્લાહ વ અશહદો

અન્ન મોહમ્મદન્ રસુલુલ્લાહ. તે શામનો રહેવાસી હતો. તેણે ઇમામ (અ.સ.) ને કહ્યું કે હવે મારે શામ જવાનો સમય થઇ ગયો છે, તેણે આપ (અ.સ.) ને કહ્યું કે મારી આપ (અ.સ.) ને એક વિનંતી છે, ઇમામ (અ.સ.) એ ફરમાવ્યું કહો તે યહુદી કહે છે કે મારા માટે આ છોકરી મુરદા હતી. હું એમ વિચારૂ છું કે મારી આ છોકરીને આપ (અ.સ.) ને ત્યાં મુકી જાવ. થોડુક દીન-ઇમાન શીખશે અને આપ (અ.સ.)ની દિકરીઓની ખિદમત કરશે. ઇમામ (અ.સ.) એ ફરમાવ્યું ઠીક છે, જાઓ તે ચાલ્યો ગયો. બે વર્ષ પછી આવે છે. ઇમામ (અ.સ.) ની ઝિયારત કરે છે, પોતાની દિકરીને જોવે છે અને પાછો ચાલ્યો જાય છે.

ઘણા વર્ષો વીતી ગયા હવે તે આવ્યો અને મળીને જતો હતો કે ઇમામ (અ.સ.) એ ફરમાવ્યું તમારી દિકરીને લેતા જાઓ. તે કહે છે કેમ મૌલા? મે મારી દિકરીને તમારી કનીઝીમાં આપી દીધી છે. ઇમામ (અ.સ.) એ ફરમાવ્યું દરેક ચીજનો એક સમય હોય છે. હવે તે મોટી થઇ ગઇ છે. જવાન થઇ છે. કોઇ રીશ્તો

શોધીને તેની શાદી કરાવી દો. કાલની અપંગ અને અંધ છોકરી કે જેને ઈમામ હુસૈન (અ.સ.) ના સદકામાં શિફા મળી. તેણીની ખુબસુરતી એટલી વધારે હતી કે શામમાં તેણીની ખુબસુરતીની ચર્ચા થવા લાગી. આ વાત પહોંચતા પહોંચતા યઝીદ (લ.અ.) સુધી પહોંચી. હવે કાલની અપંગ દિકરી યઝીદ (લ.અ.) નો પત્ની બની ગઈ. તે દિકરીનું નામ હતું હિન્દ. કાલની અપંગ દિકરી આજ યઝીદ (લ.અ.) ની પત્નીની હૈસીયતથો આરામ અને સુખમાં રહે છે કે તેણીને ખબર પડે કે છે કે અમુક કૈદીઓ આવ્યા છે. યઝીદ (લ.અ.) એ તેણીને પુરો વાકેઓ ન બતાવ્યો. તેણેએ સાંભળી લીધું ક જંગ થઈ હતી. અમુક કત્લ થયા અને અમુક કેદીઓ આવ્યા છે હવે આ હીંદને આ કેદીઓથો શુ મતલબ કે કયાંકથો આવ્યા હશે પણ આ છે તરબીયતની અસર એક દિવસ યઝીદ (લ.અ.) થો કહેવા લાગી, સાંભળયું છે કે અમુક કેદીઓ આવ્યા છે. યઝીદ (લ.અ.) એ કહયું હા. હીંદે કહયું હુ તેને મળવા ચાહું છુ. યઝીદ (લ.અ.) એ કહયું ઠીક છે. મળી લ્યો

પણ દિવસે નહી રાતના સમયે (તેને ડર હતો કે કયાંક હીંદ તે કૈદીઓને ઓળખીન લે)

મરહુમે કાફી (અ.ર.) નકલ કરે છે રાતનો સમય થયો, એક કનીઝ હાથમાં ખુરશી અને ચીરાગ લઇને સાથ કૈદખાનામાં આવી. દૂર થી જનાબે ઝયનબ (સ.અ.) એ તેણીને જોઇ અને તેણીને ઓળખી ગયા (અલ્લાહ ન કરે કોઇ શરીફ વ્યકિત પર આવો સમય આવે) જનાબે ઝયનબ (સ.અ.) ઓળખી ગયા કે તેણી એજ છે જે ગઇ કાલે અમારી ખિદમત ગુઝાર હતી અને આજે તે કંઇ હેસીયત પર છે અને અમે કયા છીએ, અમુક લોકો કહે છે જ.ઝયનબ (સ.અ.) એ પોતાને કૈદીઓ વચ્ચે છુપાવવાનું ચાહયું કે હીંદની નજર મારા ઉપર ન પડે.

ખુરશી રાખવામાં આવી હીંદ ખુરશીમાં બેસી ગઇ. ઔલાદે રસુલ (સ.અ.વ.) જમીન પર બેઠા હતા. તેણી એ કહયું હું કંઇ પુછવા માંગુ છું. તમારામાંથો કોઇ મારા સવાલનો જવાબ આપે (જાહેર છે જ.ઝયનબ (સ.અ.) ના હોવાથો બીજું કોણ જવાબ આપે). આપ

(સ.અ.) એ ફરમાવ્યું પુછો. હીંદે કહ્યું તમે કયાંના રહેવાસી છો ? આપ (સ.અ.) એ ફરમાવ્યું અમે મદીનાના રહેવાસી છીએ આ છે તરબીયતની અસર કે જયારે હીંદે મદીનાએ રસુલનું નામ સાંભળ્યું, તેણી ખુરશીમાંથી ઉભી થઇ અને જમીન પર બેસી ગઇ. જ.ઝયનબ (સ.અ.) એ પુછયું તમે ખુરશી પરથો જમીનમાં કેમ બેસી ગયા. હીંદ કહે છે તમે રસુલ્લાહ ના શહેરથો આવ્યા છો.રસુલે ખુદા (સ.અ.વ.)ના દિલ પર શું ગુજરી હશે. નાના ! આપ (સ.અ.વ.) ના શહેરી હોવાનો એટલો એહતેરામ). હીંદે પુછયું જયારે તમે મદીનાના રહેવાસી છો તો બતાવો કે શું કુરેશથો વાકીફ છો ? આપ (સ.અ.) એ જવાબ આપ્યો હા. હીંદે પુછયું શુ મહલ્લએ બની હાશીમને જાણો છો તો મને બતાવો કે શું તમને મારા મૌલા અલી (અ.સ.) ના ઘરની ખબર છે? આપ (સ.અ.) એ જવાબ આપ્યો. હા હું જાણું છુ. હીંદ કહ્યુ હવે એક છેલ્લા સવાલનો જવાબ આપી દો કે જયારે તમને ઘરની ખબર છે તો શું તમે મારી શહેઝાદીને ઓળખો છો ? (કદાચ મકસદ ખૈરીયત પુછવાનો રહયો

હશો) તમે જ.ઝયનબ (સ.અ.) ને ઓળખો છો ? અહીંથો કંઇ જવાબ ન મળ્યો, જનાબે ઝયનબ (સ.અ.) એ પોતાનું માથ જુકાવી દીધું. આ જોઇને હીંદ તડપી અને કહ્યું શુ થયું મારી શહેઝાદી ને ? તમે ઝયનબના નામ પર ચુપ કેમ થઇ ગયા ? હવે જ.ઝયનબ (સ.અ.) માથ ઉચું કર્યું અને ફરમાવ્યું અય હીંદ શું તને હક છે કે તુ જ.ઝયનબ (સ.અ.)ને ન ઓળખે ? એટલા માટે કે જ.ઝયનબ (સ.અ.) કરબલા થો શામ સુધી મુસીબતો સહન કરીને આવી છે અને તું આરામ અને સુકુનથી રહો છો.

અરે જયારે હીંદને અહેસાસ થયો કે આ ખાનદાને અલી (અ.સ.) છે અને આ જ.ઝયનબ (સ.અ.) છે. તેણીને હોશ ન રહયો. તરત જ દરબારે યઝીદ (લ.અ.) માં આવી અને કહે છે અરે! પૈગમ્બર (સ.અ.વ.) ના નવાસાનું સર દારૂલ અમારા પર લટકેલું છે. યઝીદ (લ.અ.) ઉભો થયો, હીંદના માથા પર ચાદર નાખવા ચાહી. હીંદ કહે છે અરે મારા પરદાનો

એટલો ખ્યાલ પણ ઓલાદે પૈગમ્બર (સ.અ.વ.) દચાર બ દચાર બે મકનઓ ચાદર છે.

અલા લઅનતુલ્લાહે અલલ્ કવ્મીઝ ઝાલેમીન.

# મજલીસ – ૧૨

## ઈમામ હુસૈન (અ.સ.)ના દસમાના મસાએબ

ઈમામ હુસૈન (અ.સ.)નું દસમું છે. ઈમામ હુસૈન (અ.સ.) નો કાફલો આગળ નથી વધતો, શીમ્ર આવ્યો અને સય્યદે સજ્જાદ (અ.સ.) ની પુશ્ત પર એક ચાબુક માર્યો અને કહ્યું જયાં સુધી તમારા બાબા આગળ નહી વધે (નોકે નેઝ પર સર હતા) ત્યાં સુધી તમારે ચાબુક ખાવા પડશે. ઈમામ સજ્જાદ (અ.સ.) એ ઈમામ હુસૈન (અ.સ.) ને કહ્યું બાબા ! તમે ચાલતા ચાલતા રોકાઈ કેમ ગયા છો ? ઈમામ હુસૈન (અ.સ.) એ કહ્યું મારી સકીના જગલમાં સવારી પરથી પડી ગઈ છે.

કોઈએ જ.ઝયનબે કુબરા (સ.અ.) ને જાણ કરી કે સકીના (સ.અ.) જંગલમાં પડી ગઈ છે. જ.ઝયનબે કુબરા (સ.અ.) કહે છે અય્ન સકીના અય્ન સકીના. શહેઝાદી જ.ઝયનબે કુબરા (સ.અ.) એ જોયું કે સકીના (સ.અ.) કોઈ બીબીના ખોળામાં આરામ કરી રહયા હતા. જ. ઝયનબને નવાઈ લાગી કે

જ.સકીના (સ.અ.) ને પોતાના બાબાના સીના સિવાય કયાય ઉંઘ આવતી ન હતી. આ કોણ બીબી છે કે જેના ખોળામાં જ.સકીના (સ.અ.) સુઇ રહયા છે. શેહઝાદી જ.ઝયનબ (સ.અ.) એ તે બીબીને પુછયું અય બીબી ! અત્યાર સુધી જે કોઇ પણ આવ્યું મારી બચ્ચી ને તમાચો મારવા વાળા આવ્યા, ચાબુક મારવા વાળા આવ્યા. તમે પહેલા છો કે જેમણે તેને પોતાના ખોળામાં સુવરાવ્યા છે. તે બીબીએ કહ્યું જો હું તેના પર રહેમ નહી કરૂ તો કોણ રહેમ કરશે.

શહેઝાદી જ.ઝયનબ (સ.અ.) એ કહ્યું, તમારો અવાઝ તો જાણીતો લાગે છે, તમારી ઓળખાણ કરાવો.

તે બીબીએ પોતાના ચહેરા પરથો નકાબને હટાવ્યો જ.ઝયનબ (સ.અ.)ને પોતાની માતાનો ચહેરો નઝર આવ્યો જ.ઝયનબ (સ.અ.)એ કહ્યું અમ્મા ! ઝયનબ લુંટાઇ ગઇ. અમ્મા ! મારો ભાઇ હુસૈન અ.સ. શહીદ થઇ ગયા. ભાઇ અબ્બાસ પણ શહીદ

થઇ ગયા. જ.ઝયનબના બાજુઓમાં રસ્સી બાંધવામાં આવી.

ઇન્ના લીલ્લાહે વ ઇન્ના એલયહે રાજેઉન (મૌલાના કુમૈલ મહદવી સાહેબની મજલીસ માંથો).